

સિંહ દિવસની ઉજવણી

PNR સો., બે.મૂં. શાળા અને ફોરમની સંસ્થાઓ

# કોશિશ થી કામયાબી

1-8-1974
વિકલાંગોના પુન:સ્થાપનની પ્રવૃત્તિનું માસિક
૧૫ ઓક્ટોબર - ૨૦૧૯, અંક નં. ૮૨/૪૪૮


રક્ષાબંધનની ઉજવણી


સંસ્થામાં નવા પ્રિન્સિપાલશ્રીનું સ્વાગત



સ્વાતંત્ર્ય દિનની ઉજવણી


ભાવનગર ખાતે યોજાયેલ પી.એન.આર.ની એ.જી.એમ.

Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2019-21◆ Monthly
Date of Publication : 15 October - 2019 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 28

# શાળાના બાળકો મુખ્યમંત્રી નિવાસ સ્થાને




મુખ્યમંત્રી નિવાસ સ્થાને 'મનની મોકળાશ' કાર્યક્રમ હેઠળ, ગુજરાતભરની સંસ્થાઓના બાળકોને એકઠાં કરવામાં આવ્યાં હતાં. જેમાં બહેરા-મૂંગા શાળાની ત્રણ બાળકીઓ અને એક શિક્ષીકાએ ભાગ લીધો હતો. મુખ્યમંત્રીશ્રીએ મોકળા મને દિવ્યાંગો જોડે વાત કરી હતી. જેમાં સંસ્થાની વિદ્યાર્થીનીઓએ અનેક પ્રશ્નો પુછ્યા હતાં.જેનાં મુખ્યમંત્રીશ્રીએ સાનુકુળ ઉત્તરો આપ્યાં હતાં. વિદ્યાર્થીનીઓએ મુખ્યમંત્રીશ્રીને ભાવનગર આવવા આમંત્રણ આપ્યું હતું. જેનો તેઓએ હર્ષભેર સ્વિકાર કર્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ વિદ્યાર્થીનીઓ સાથે ઈન્ટરપ્રિટરના માધ્યમથી વાતો કરી હતી.

# પ્રધાનમંત્રીશ્રીનાં "પ્લાસ્ટીક મુક્ત ભારત" યોજના સાથે બહેરા-મૂંગા શાળાની પહેલ

માનનિય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'સિંગલ યુઝ પ્લાસ્ટિક મુક્ત ભારત' કરવાની નેમ સાથે સંદેશો પાઠવ્યો. તેનો બહેરા-મૂંગા શાળાના બાળકોએ હર્ષભેર વધાવી, શાળાને સિંગલ યુઝ પ્લાસ્ટિક મુક્ત કરવાની પહેલ કરી છે. તા. ૨ ઓકટોબર મહાત્મા ગાંધીના જન્મદિવસે પ્લાસ્ટિકના ઉપયોગથી થતા નુકશાન વિષે વિસ્તૃત ચર્ચા અને ફિલ્મ દ્વારા સમજણ આપવામાં આવી હતી. બહેરા-મૂંગા બાળકોએ જાતે કાપડની સેંકડો થેલીઓ તૈયાર કરી, રસ્તા ઉપર ઉભા રહી, દરેક વાહન ચાલકને પ્લાસ્ટિકથી થતા નુકશાનની સમજણ આપી, સિંગલ યુઝ પ્લાસ્ટીક મુક્ત ભારતને સહયોગ આપવા અપીલ કરી તથા કાપડની થેલી ભેટ આપી હતી. જાહેર જનતાએ બહેરા-મૂંગા બાળકોની આ પહેલને ખૂબજ સુંદર પ્રતિસાદ આપી બિરદાવી હતી. આ સાથે બહેરાં-મૂંગા શાળાના વિદ્યાર્થીઓ શિક્ષકશ્રીઓ, કર્મચારીઓ અને શાળાના તમામ ટ્રસ્ટીશ્રીઓએ આ શાળા સંકુલને 'સિંગલ યુઝ પ્લાસ્ટિક મુક્ત ભારત' બનાવવાના પણ શપથ લીધાં હતાં.






બહેરા-મૂંગા શાળાનાં બાળકોએ, 'ત્રિદિવસીય નવરાત્રી ઉત્સવ' શ્રીમતી ચંદાબેન મોહનભાઈ પટેલ છાત્રાલયના પટાંગણ, પ્લોટ નં-૧૯૨૧-એ કે જે છેલ્લા ૨૫ વર્ષોથી કોર્ટ કેસમાં હતો, જેનું આ વર્ષે સમાધાન કરી કબજો મેળવ્યો, તેના ઉપર ઉજવવામાં આવ્યો હતો. ત્રણ દિવસના કાર્યક્રમમાં ત્રણસોથી વધારે બાળકો, એકસોથી વધારે ટ્રેઈનીઝો અને એક સો થી વધારે કર્મચારીઓએ સપરિવાર આનંદ માણ્યો હતો. સંસ્થાના સ્થાપકશ્રી બાબાભાઈ, પ્રમુખશ્રી ગિરિશભાઈ, મંત્રીશ્રી અશ્વિનભાઈ, સહમંત્રી શ્રી અમીતભાઈ, ટ્રેઝરરશ્રી જીતુભાઈ ઉપરાંત શ્રી મહાસુખભાઈ, શ્રી મીતાબેન, શ્રી રાજુભાઈ, વિગેરે કાર્યકરોએ સપરિવાર હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતાં.

# સ્પીચ થેરાપી લેતા બાળકોનો રાસોત્સવ

બહેરા-મૂંગા શાળામાં કોકલીયર ઈમ્પ્લાન્ટ કરાવેલ, તેમજ બોલવામાં તકલીફ હોય તેવા સ્પીચ થેરાપી લેતા બાળકો અને તેમની માતાઓ દ્વારા સંસ્થાના મહાવીર ઓડીટોરિયમમાં રાસોત્સવનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. બાળકો અને તેમની માતાઓએ ઉત્સાહ અને આનંદભેર ગરબાની રમજટ બોલાવી, રાસોત્સવ મનાવ્યો હતો. જેને સૌ લોકોએ મનભરીને માણ્યો હતો.

# કોશિશ થી કામયાબી

**આ અંકમાં ...**


- શાળાના બાળકો મુખ્યમંત્રી નિવાસસ્થાને ૦૨
- પ્લાસ્ટીક મુક્ત ભારત યોજના . . . . . ૦૨
- નવરાત્રી ઉત્સવ . . . . . . . . . . . . . ૦૨
- સ્પીચ થેરાપીના બાળકોનો રાસોત્સવ . ૦૨
- INDEX . . . . . . . . . . . . . . . . ૦૩
- CONTENTS AT A GLANCE. . . . . . ૦૪
- PNRની ભાવનગરમાં યોજાયેલ AGM ૦૫
- હીયરીંગ એઈડ વિતરણ કાર્યક્રમ . . . . ૦૬
- મટકીફોડ કાર્યક્રમની ઉજવણી . . . . . ૦૬
- સ્વાતંત્ર્ય દિનની ઉજવણી . . . . . . . ૦૭
- સંક્ષિપ્ત સમાચાર-PNR હૉસ્પિટલ . . . ૦૮
- સંક્ષિપ્ત સમાચાર-PNR સોસાયટી-PD ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર . . . ૦૯
- બેતાળા ચશ્મા વિતરણ કેમ્પ . . . . . . ૧૦
- સંક્ષિપ્ત સમાચાર-Hightech શાળા . . ૧૧
- સંક્ષિપ્ત સમાચાર-C.P. શાળા . . . . . ૧૩
- સંક્ષિપ્ત સમાચાર-A.T. & T. ટેક. પાર્ક . ૧૬
- કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી . . . . . . ૧૬
- સંક્ષિપ્ત સમાચાર-બહેરાંમૂંગા શાળા . . ૧૭
- સંક્ષિપ્ત સમાચાર-TTC . . . . . . . . ૧૯
- સંક્ષિપ્ત સમાચાર-PRV . . . . . . . . ૨૧
- સંક્ષિપ્ત સમાચાર-K.L. છાત્રાલય . . . ૨૧
- સંક્ષિપ્ત સમાચાર-PRV . . . . . . . . ૧૯
- સંક્ષિપ્ત સમાચાર-'અંકુર' શાળા . . . . ૨૨
- તસ્વીર સમાચાર. . . . . . . . . . . . ૨૩
- સ્વ. રેખાબેન એચ. શેઠને શ્રદ્ધાંજલી . . ૨૪
- અમો ઋણી છીએ દાતાઓના . . . . . ૨૫
- ઓછી ઉંચાઈ ધરાવતા ડૉક્ટર . . . . . ૨૬
- 'સાથ' સંસ્થા . . . . . . . . . . . . . ૨૬
- વિકલાંગ વિદ્યાર્થી માટેનો ચૂકાદો . . . ૨૬
- સંસ્થા વૃક્ષારોપણ માટે સન્માનિત . . . ૨૭
- શિક્ષક દિનની ઉજવણી . . . . . . . . . ૨૭
- DWE અંતર્ગત 'પ્રેરણા' કાર્યક્રમ . . . . ૨૭


**પ્રિય વાચક મિત્રો,**

**'કોશિશ થી કામયાબી'** મેગેઝિન આપના હાથમાં મૂકતાં આનંદની લાગણી અનુભવું છું.

વિક્રમ સવંત ૨૦૭૬ ના નૂતન વર્ષના સૌને અભિનંદન. નવું વર્ષ આપને અને આપના પરિવારને સુખ, સમૃધ્ધિ અને શાંતિ અર્પે તેવી શુભેચ્છાઓ.

ગત વર્ષ પર નજર કરીશું તો, પી.એન.આર.સોસાયટી અને તેની સંલગ્નિત ભગિની સંસ્થાઓએ દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે ઉત્તમ શિક્ષણકાર્ય, બંને હોસ્પિટલોમાં **દર્દી દેવો ભવઃ** ની ઉચ્ચ ભાવના સાથે શ્રેષ્ઠ સારવાર તથા વિકલાંગતા અટકાવવા માટેના અનેક વિધ કાર્યક્રમો દ્વારા શૈક્ષણિક અને સામાજીક સેવાના ક્ષેત્રે પરિણામલક્ષી કાર્ય કર્યુ છે, જે તેના વાર્ષિક રિપોર્ટ અને ઓડિટેડ હિસાબોમાં જોઈ શકાય છે. આ તમામ સંસ્થાઓ, તેના પારદર્શી વહિવટ, ટ્રસ્ટી-કાર્યકર્તાઓ દ્વારા સુચારું સંચાલન અને કર્મચારી મિત્રોની પોતાના કાર્ય પ્રત્યેની નિષ્ઠાએ એક અદ્દભૂત પરિણામ મેળવ્યું છે.

બધી ભગિની સંસ્થાઓની વાર્ષિક સામાન્ય સભાઓ (A.G.M.) હમણાં જ પુરી થઈ ગઈ, તેમાં એક પી.એન.આર. સોસાયટીની ૩૨મી એ.જી.એમ., તેના ઈતિહાસમાં પ્રથમવાર ભાવનગરમાં યોજાય અને મુંબઈ સહિત તમામ ટ્રસ્ટીશ્રીઓએ સક્રિય ચર્ચામાં રસ લઈ, વહિવટકર્તાઓને અભિનંદન આપી, પીઠ થાબડી, તે ગૌરવ લેવા જેવી બાબત છે.

35 AC બંધ થતાં અને C.S.R.માં કેટલાક રિસ્ટ્રીકશન આવતાં, N.G.O. ચલાવવાનું ખૂબ મુશ્કેલ બનતું જાય છે, ત્યારે તમામ ટ્રસ્ટીશ્રી-હોદ્દેદારોએ કરકસરયુક્ત વહિવટ અને આવકના અન્ય સાધનો ઉભા કર્યા તથા દાતાઓના વિશ્વાસને જાળવી રાખવા જે ઉત્તમ કાર્ય કર્યુ છે, તેને આપણે બીરદાવીએ.

સામાજિક-રાષ્ટ્રીય સેવાના ભાગરૂપ દિવ્યાંગોના કલ્યાણ અર્થે, આપણે સૌ ઉત્સાહભેર કાર્યરત રહીએ, તેવી શુભેચ્છાઓ...

**કિરીટ રાઠોડ**


- **Koshish Thi Kamyabi**
  RNI No. GUJGUJ/2013/48176
  Postel Reg. No. L2/36/RNP/
  BVR-414/ 2019-21, Monthly
- **અંક નં. : ૮૨/૪૪૮**
  **૧૫ ઓકટોબર - ૨૦૧૯**
- **પ્રકાશક : શ્રી ખી. લ. બહેરાંઓની સંસ્થા**
  ૫૧, વિદ્યાનગર, ભાવનગર-૩૬૪ ૦૦૨.
  ફોન : ૨૪૨૯૩૨૬, ૨૪૨૦૮૩૬
  ૨૪૩૧૧૬૦
  **E-mail** : info@pnrsociety.org
  klinstitute.deaf@gmail.com
  **Visit us** : www.pnrsociety.org
  www.klinstitutedeaf.org
- તંત્રી
  **અનંત કે. શાહ**
- સહતંત્રી
  **અશ્વિન પંડ્યા**
  **કિરીટ રાઠોડ**
- પ્રિન્ટિંગ
  **અંબા ઑફસેટ, ગાંધીનગર.**
- 'કોશિશ થી કામયાબી' લવાજમ
  **આજીવન રૂ. ૨૫૦૦, વાર્ષિક રૂ. ૧૫૦**
- **ચેક ''શ્રી ખી. લ. બહેરાં મૂંગા શાળા, ભાવનગર''ના નામનો આપવા વિનંતી.**
- ગ્રાફિક્સ એન્ડ ડિઝાઈન
  **રાજેશ પટેલ**
- સંપાદક મંડળ
  **સેજલ મહેતા**
  **નેહલ ત્રિવેદી**
  **ભક્તિ મહેતા**
  **આરિફ જેઠવા**
  **પારસ શાહ**
  **ભરત કનાડા**
  **મનસુખ સોરઠિયા**



**જાહેરાતના દર : (મેગેઝિન સાઈઝ - A4)**

| | | |
|---|---|---|
| બીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ત્રીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ચોથું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ફુલ પેજ - સિંગલ કલર | : | રૂ. ૫૦૦૦ |
| હાફ પેજ - સિંગલ કલર | : | રૂ. ૨૫૦૦ |
| ક્વાટર પેજ - સિંગલ કલર | : | રૂ. ૧૫૦૦ |




# CONTENTS AT A GLANCE

K. D. PADIA



### ◈ AGM & Meeting of Board of Trustees of PNR Society at Bhavnagar

The Annual General Body (AGM) and Meeting of Board of Trustees were held on 22 September, 2019 at Bhavnagar. Shri Shashibhai Vadhar, President of the PNR Society welcomed the members and appreciated the gesture of Trustees of holding the both meetings in Bhavnagar. Secretary General Shri Paras Shah presented the Minutes of the last meetings which were adopted. Shri Harshkant Rakhashia, Treasurer, presented Audited Accounts furnished in the 32nd Annual Report (2018-19). During the computerised presentation of activities and accomplishments Mumbai-based Trustees Shri Kirtibhai Sanghavi, Shri Krishnakant Chitaliya and Shri Vamanbhai Parekh (Nilkamal Ltd.) had actively participated in discussion on activities. At the conclusion of the meetings, the discussion on future of the PNR Society and its forum institutions took place which was very promising.

### ◈ Hearing Aids Distribution & Welcome to new Principal in KLID

The management of K. L. Institute for the Deaf (KLID) organized distribution of 20 BTE hearing aids to 10 students costing Rs. 2.09 lakhs from Smt. Hasumati Shah Corpus Fund. Newly appointed Secondary School Principal Shri Shaileshbhai Dave was welcomed by Shri Ashwin Pandya, Secretary of KLID Trust and staff of the Institute. 'Matki Fod' and 'Independence Day' were celebrated with gaiety. The other events celebrated with active participation of students and Teachers' Trainees included 'World Lion Day', 'National Sports Day', 'Teachers' Day' and Fit India Day. The institute also organised Inspiring discourse of Shri Piyushbhai Parasharya, GST guidance workshop and Parents' Meeting and deputed its students to participate in Science Exhibition and Drawing Competition organized locally. The management of KLID also arranged Educational Tour to local Gaurishankar Lake of students for Nursery to Std. VIII. The KLID hostel continued its constructive and charitable activities. The Teacher's Training College run by KLID took a great step of forming **Journal Club** in which the training was imparted for making PPT on selected subjects.

### ◈ Prevention Department continues its strides

The Pravinchandra Dalal Disability Prevention Center continued its dynamism for conducting Rubella Vaccination to girls and women (1861), detection of defects in ear (408) and vision (347) of 56499 school going children examined, plastic surgery of (22) in two camps, ophthalmic surgery of children (10) and cataract surgery of senior citizens (30).

### ◈ Other Activities

**Mock Test** for clerical positions in government by AT&T Technology Park, **Prerana Programme** by Smt. Jyotiben Dalal Disabled Women Empowerment, activities of **Well Baby Center** and **Mahuva Resource Center** of Nataraj C.P. School, charitable medical services of the PNR Special Hospital, activities of Ankur Special School and flashes by photos form the contents of this issue.



# પી.એન.આર. સોસાયટીની ભાવનગરમાં વાર્ષિક સામાન્ય સભા યોજાય



✍ કિરીટ રાઠોડ

પી.એન.આર. સોસાયટી ભાવનગરની વર્ષ ૨૦૧૮-`૧૯ ની વાર્ષિક સામાન્ય સભા તથા સમગ્ર ટ્રસ્ટી મંડળની મીટિંગ તા. ૨૨/૦૯/`૧૯ને રવિવારે નટરાજ કોન્ફરન્સ હોલ, ભાવનગર ખાતે યોજવામાં આવી હતી. આ વાર્ષિક સામાન્ય સભા શ્રી શશીભાઈ વાઘરના પ્રમુખ સ્થાને યોજાય હતી.

આ સભામાં મુંબઈ અને ભાવનગરના ટ્રસ્ટીશ્રીઓ ઉપસ્થિત રહયાં હતાં. કાર્યક્રમની શરૂઆતમાં પ્રમુખ શ્રી શશીકાંતભાઈ વાઘરે, તમામ સભ્યોને હૃદયથી આવકારતું સ્વાગત પ્રવચન આપેલ તથા તેઓએ મુંબઈના ટ્રસ્ટીશ્રીઓએ ભાવનગર ખાતે એ.જી.એમ. યોજવાનાં નિર્ણયનો બિરદાવ્યો હતો.



કાર્યક્રમનું સંચાલન કરતાં સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહે ગત મીટિંગની વિગતો રજૂ કરી, જેને સભાએ સર્વાનુમતે મંજૂર કરેલ.

સંસ્થાના વર્ષ ૨૦૧૮-`૧૯ના ૩૨મા ઓડિટેડ એકાઉન્ટની વિગતવાર માહિતી, સંસ્થાના ટ્રેઝરર શ્રી હર્ષકાંતભાઈ રાખશિયાએ આપેલ તથા સભ્યોએ એકાઉન્ટ અંગે પૂછેલા પ્રશ્નોના જવાબો આપ્યાં હતાં. તમામ ટ્રસ્ટીશ્રીઓએ આ ઓડિટેડ હિસાબોને સર્વાનુમતે મંજૂરી આપેલ.

આ પછી શ્રી પારસભાઈ એ ‘પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન’ દ્વારા ૨૦૧૮-૧૯ના વર્ષનો એન્યુઅલ રીપોર્ટ રજૂ કર્યો હતો. જેમાં વર્ષ દરમ્યાન થયેલ વિવિધ વિભાગોની પ્રવૃતિઓનો અને સિધ્ધિઓનો અહેવાલ રજૂ કર્યો હતો. આ અહેવાલ અને રીપોર્ટની ચર્ચામાં મુંબઈથી પધારેલ ટ્રસ્ટીશ્રી કીર્તિભાઈ સંઘવી, શ્રી ક્રિષ્ણકાંત ચિતલીયા, શ્રી વામનભાઈ પારેખ (નીલકમલ) વિગેરેએ ભાગ લીધેલ. આ તબકકે શ્રી બાબાભાઈએ સંસ્થાની પ્રગતિ અને પડકારો વિષે વિશદ્ રજૂઆત કરી હતી.

આ વાર્ષિક સામાન્ય સભા પૂરી થયે, ‘ફોરમ’ની સંસ્થાનાં હોદેદારો અને કાર્યકર્તાઓ સાથે સંસ્થાના ભવિષ્યના વિકાસ અને પડતી મુશ્કેલી અંગે ચર્ચા કરી હતી. અને એક છત્ર નીચે એક-બીજી સંસ્થાને કેવી રીતે ઉપયોગી થવું તે અંગે વિચાર વિમર્શ કરવામાં આવ્યો હતો.

આ વાર્ષિક સામાન્ય સભામાં મુંબઈથી સર્વશ્રી નરેન્દ્રભાઈ શાહ (ચેરમેન), શ્રી ભરતભાઈ પારેખ (વાઈસ ચેરમેન), શ્રી પ્રકાશભાઈ દેસાઈ (સહમંત્રી), શ્રી કીર્તિભાઈ સંઘવી, શ્રી પ્રતાપભાઈ પારેખ, શ્રીમતિ રશ્મિબેન પારેખ, શ્રી હરેનભાઈ સંઘવી વગેરે ઉપસ્થિત હતાં. જયારે ફાઉન્ડર ટ્રસ્ટીશ્રી બાબાભાઈની આગેવાનીમાં લોકલ લેવલે, શ્રી કિરીટભાઈ રાઠોડ, શ્રી ગિરીશભાઈ શાહ, શ્રી મફતભાઈ, શ્રી અશ્વિનભાઈ પંડયા, શ્રી પ્રદીપભાઈ ભટ્ટ, શ્રી મહાસુખભાઈ ઝકડિયા વિગેરે ઉપસ્થિત રહયાં હતાં.

**ભાવનગરમાં યોજાયેલ આ ૩૨મી વાર્ષિક સામાન્ય સભામાં યોજાયેલ ભોજન સમારોહનો તમામ ખર્ચ પ્રમુખ શ્રી શશીભાઈ વાઘરે આપેલ. જયારે સંસ્થાના વાઈસ ચેરમેન શ્રી ક્રિષ્ણકાંત ચિત્તલીયા (મુંબઈ)એ આ પ્રસંગે રૂા. એક લાખનું ડોનેશન આપેલ. ઉપરાંત શ્રી પ્રબોધભાઈ શાંતિલાલ મહેતા (મુંબઈ) તરફથી શ્રી પ્રતાપભાઈ પારેખ હસ્તે, પી.એન.આર. સોસાયટી તથા શ્રી વી.સી. લોઢાવાળા હોસ્પિટલ દરેકને રૂા. ૧,૧૧,૧૧૧/- નું ડોનેશન આપેલ હતું.**

**GOOD MORNING**

*When Mind is weak situation is a PROBLEM,*
*When Mind is balanced situation is CHALLENGE,*
*When Mind is strong situation becomes OPPORTUNITY.*

# શ્રીમતિ હસુમતી શાહ હીયરીંગ એઈડ કોર્પસફંડમાંથી શ્રવણયંત્ર વિતરણ તથા માધ્યમિક શાળાના આચાર્યશ્રીનો સ્વાગત કાર્યક્રમ

તા. ૦૧/૦૮ના રોજ શાળામાં ઉપરોકત કાર્યક્રમ યોજાયો હતો. દર વર્ષે શ્રીમતિ હસુમતીબેન શાહ કોર્પસફંડના વ્યાજમાંથી નવાં આવેલા શ્રવણમંદ વિદ્યાર્થીઓને શ્રવણયંત્રો વિતરણ કરવામાં આવે છે. આ વર્ષે પણ બાળ વર્ગ-૧માં નવાં પ્રવેશ પામેલા ૧૦ વિદ્યાર્થીઓને કુલ ૨૦ BTE શ્રવણયંત્રો, કુલ ૨ લાખ, ૯ હજાર રૂપિયાના વિતરણ કરવામાં આવ્યાં હતાં. શાળાના ટ્રસ્ટીગણ તથા મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયા, માધ્યમિક શાળામાં નવા નિમણૂંક પામેલા આચાર્ય શ્રી શૈલેષભાઈ દવે તથા પ્રાથમિક શાળાના આચાર્યશ્રી ઈલાબેનની ઉપસ્થિતિમાં આ વિદ્યાર્થીઓને શ્રવણયંત્રોનું વિતરણ કરાયું હતું. આ કાર્યક્રમની સાથે નવી નિમણૂંક પામનાર માધ્યમિક શાળાના આચાર્યશ્રી શૈલેષભાઈ દવેનો સ્વાગત કાર્યક્રમ પણ યોજાયો હતો. જેમાં આચાર્યશ્રીનું શાબ્દિક સ્વાગત તથા પરિચય શ્રી જીતેશભાઈ ચાવડાએ આપેલ. મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયાએ



પણ શ્રવણયંત્ર વિતરણ અંગે, તેમજ આચાર્યશ્રીના સ્વાગત અંગે વકતવ્ય આપ્યું હતું. શ્રી શૈલેષભાઈનું શાળાના વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરેલ મેમેન્ટોથી સ્વાગત કરાયું હતું તેમણે પણ પ્રસંગોચિત ભાવવાહી ઉદ્‌બોધન કર્યુ હતું.

## 'મટકીફોડ' કાર્યક્રમની ઉજવણી



તા. ૨૧/૦૮ને બુધવારના રોજ શ્રી ખી.લ. બહેરાં મૂંગા શાળાના બાળકો અને શિક્ષકો દ્વારા જન્માષ્ટમીના પાવનપર્વ નિમિત્તે 'મટકીફોડ' કાર્યક્રમ ઉજવાયેલ. 'મટકીફોડ' કાર્યક્રમમાં શરૂઆતમાં 'બાળકૃષ્ણ' પરની એનિમેશન ફિલ્મ બતાવવમાં આવેલ. ફિલ્મમાં કૃષ્ણજન્મના પ્રસંગો સુંદર રીતે નિરૂપવામાં આવેલ. બાળકોએ રસપૂર્વક આ ફિલ્મ નિહાળી. ત્યારબાદ 'મટકીફોડ' કાર્યક્રમ રજૂ થયો. નાનકડા બાળકૃષ્ણએ સરળતાથી ગોપબાળોનાં ખભા ઉપર ચડીને સિફતપૂર્વક મટકી ફોડી. **"નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયા લાલકી, હાથી ઘોડા પાલખી, જય કનૈયા લાલકી"** બધાંએ આનંદપૂર્વક ગાયું અને શાળાના બાળકો અને



શિક્ષકોએ આનંદથી ગરબા લીધાં. આ કાર્યક્રમમાં શાળાના મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયા, વડીલો શ્રી મફતભાઈ, શ્રી જીતુભાઈ, શ્રી મનસુખભાઈ, શ્રી બિંદીબેન, આચાર્ય શ્રી ઈલાબેન તથા શ્રી શૈલેષભાઈએ પ્રેરક હાજરી આપેલ. માધ્યમિક શાળાના પ્રિન્સીપાલશ્રીએ 'કૃષ્ણં વંદે જગદ્‌ગુરૂ' ઉપર સરસ ઉદ્‌બોધન કરેલ. મંત્રીશ્રી અશ્વિનભાઈએ સરળ શૈલીમાં કૃષ્ણ અને ગીતા વિશે વકતવ્ય આપેલ. શાળાનાં શિક્ષકો શ્રી કવિતાબહેન, શ્રી જયોતિબેન, શ્રી શ્રીમબેન, શ્રી યોગેશભાઈ, રમત શિક્ષક શ્રી સંદીપભાઈ, શ્રી ફાલ્ગુનીબેન ખાટસુરિયા, શ્રી નરેન્દ્રભાઈ, શ્રી ભરતભાઈ, શ્રી વિરેન્દ્રભાઈ, શ્રી વૃંદાબેન, શ્રી જીતેશભાઈ વગેરેએ આ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવેલ.

# શ્રી શાહ ખી. લ. બહેરા મૂંગા સંસ્થામાં ઉજવાયેલ સ્વાતંત્ર્ય દિન

તા. ૧૫/૦૮ના રોજ ૭૩માં સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પાવન પર્વે અતિથિ વિશેષ તરીકે શ્રી મયુરભાઈ પાટિલ (સિનિયર બ્રાન્ચ મેનેજર, યુનિયન બેન્ક)ના વરદ્ હસ્તે રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવેલ. શાળાની વિદ્યાર્થીની કું. વિધિ કામળીયાએ રાષ્ટ્રવંદનની કાર્યવાહી કરાવેલ. શાળાના તમામ વિદ્યાર્થીઓએ સાઈન લેન્ગ્વેજમાં રાષ્ટ્રગાન કર્યું. આ દિવસ રક્ષાબંધનનો પવિત્ર તહેવાર હોવાથી શાળામાં ભણતા સગા ભાઈ-બહેનો દ્વારા રાખડી બાંધી ઉજવણી કરવામાં આવેલ. શ્રી જીતુભાઈ શાહે મહેમાનશ્રીઓનો પરિચય આપેલ. શ્રી મયુરભાઈએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરેલ. તેઓએ દિવ્યાંગ બાળકોને, શિક્ષકોને શુભેચ્છા પાઠવેલ, સંસ્થાના પ્રમુખશ્રી ગિરિશભાઈ શાહે સૌ શહીદોને યાદ કરી, ઉત્તમ કાર્ય કરવા માટે કર્મચારીઓને અનુરોધ કરેલ.



આ પ્રસંગે સંસ્થાના મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયા, શ્રી અમિતભાઈ શાહ, શ્રી મહાસુખભાઈ જકડિયા, શ્રી રાજુભાઈ હકાણી, શ્રી આનંદભાઈ શાહ, શ્રી મિતાબેન ઓઝા વગેરે ઉપસ્થિત રહેલ. માધ્યમિક શાળાના આચાર્ય શ્રી શૈલેશભાઈ દવેએ આભારવિધિ કરેલ. સંસ્થાના તમામ બાળકો, કર્મચારીઓ માટે અલ્પાહાર, મહેમાન શ્રી મયુરભાઈ પાટિલ તરફથી આપવામાં આવેલ. કાર્યક્રમની ઉદ્‌ઘોષણા શ્રી વૈશાલીબેન યોગીએ કરેલ.

# PNR માં ૭૩માં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી

પી.એન.આર. સોસાયટીના નટરાજ કોલેજ કેમ્પસ ખાતે તા.૧૫ ઓગસ્ટ,`૧૯ના રોજ સ્વાતંત્ર્ય દિનની ઉજવણી નિમિત્તે ધ્વજવંદન કાર્યક્રમ દિવ્યાંગ તથા ઈન્કલુઝીવ બાળકો, વિશિષ્ટ શિક્ષકો, કર્મચારીઓ, ટ્રસ્ટીગણ અને માનવંતા મહેમાનોની ઉપસ્થિતિમાં ઉજવાય ગયો. શ્રીમતી જીજ્ઞાબેન સોલંકી (આચાર્ય, નટરાજ સી.પી.સ્કૂલ)ના શાબ્દિક સ્વાગત પશ્ચાત, સમારંભના મુખ્ય અતિથિ અને જનરલ સેક્રેટરી શ્રી પારસભાઈ શાહના વરદ્ હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું. આ પ્રસંગે તેઓશ્રીએ 'નૂતન ભારતનું સ્વપ્ન સાકાર કરવા માટે હાંકલ કરેલ અને બધાએ પ્રણ લીધેલ કે દર અઠવાડિયે એક વાર પોતાના કાર્યસ્થળની સુંદરતા વધારીશું.' દિવ્યાંગોને ઉપયોગી વ્હિલચેરનું વિતરણ શ્રી કેતનભાઈ જે. દોશી, (એસ.બી.આઈ. ભાવનગર) તથા સંસ્થાના શિક્ષકો દ્વારા કરવામાં આવેલ. સાંસ્કૃતિક ઝલક રજુ કરતું ધમાકેદાર ગ્રુપ ડાન્સ, ગ્રુપ સોંગ, સમ્મિલિત વિદ્યાર્થીઓ દ્વારા પ્રસ્તુત કરાયેલ, જેને હાજર સૌએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધેલ. શ્રી હિતેનભાઈ પંડયા, આચાર્ય હાઈટેક સ્કૂલ દ્વારા આભાર વિધિ અને કાર્યક્રમનું સંચાલન વિશિષ્ટ શિક્ષક શ્રી ખેવનાબેન ઓઝા દ્વારા કરાયેલ. આ પ્રસંગે શ્રી બાબાભાઈ, શ્રીમતિ ઈલાબેન, શ્રી મફતભાઈ, શ્રી જીતુભાઈ, શ્રી તન્નારાણા તથા શ્રી એચ.પી. રાખિશયા ઉપિસ્થત રહેલ.





# સંક્ષિપ્ત સમાચાર

✍ મહાસુખભાઈ જકડિયા



## પી. એન. આર. હૉસ્પિટલ

**જુલાઈ-૧૯ થી ઓગસ્ટ-૧૯ દરમ્યાન, નીચે મુજબ દર્દીઓને વિનામૂલ્યે અથવા રાહત દરે સારવાર આપવામાં આવેલ છે**

| વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | ઓપરેશનના દર્દીની સંખ્યા | વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | ઓપરેશનના દર્દીની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ઓર્થોપેડિક | ૭૨૩ | ૨૨ (પોલીયો) | એક્સ-રે | ૨૩૮ | - |
| આંખ વિભાગ | ૧૧૫૧ | ૨૬૫ | લેબોરેટરી | ૬૮૧-દર્દી | ૧૮૧૨ ટેસ્ટ |
| ઈ.એન.ટી. | | | રસીકરણ | ૩૩ | - |
| (કાન,નાક,ગળા) | ૧૧૪૬ | ૨૫ | રૂબેલા | ૪૪ | - |
| ઓર્થોસ્કોપી | ૬૭ | ૦૧ | ચામડી | ૮૫ | - |
| પ્લાસ્ટિક સર્જરી | ૭૭ | ૨૨ | ઓરલ સર્જન | ૦૫ | ૦૫ |
| હેર ઈમ્પ્લાન્ટ | ૧૮ | ૦૫ | ફિજીશ્યન | ૩૬ | - |
| ઓર્થો ડેન્ટલ | ૨૫૧ | ૨૫૧ | ત્રાંસી આંખ | ૩૯ | ૦૮ |
| જનરલ ઓપીડી | ૧૭૧૬ | - | પીડિયાટ્રિક ડેન્ટલ | ૦૨ | ૦૩ |

### કેટરેક્ટ સર્જરી


ધાર્મિક મહેશભાઈ વેગડ ઉંમર વર્ષ ૬, જેમને જન્મજાતથી મોતિયો હતો. બાળકને સ્કૂલમાંથી ફરિયાદ આવતા તથા બાળકને અતિ તકલીફ પડતી. પી.એન.આર. હોસ્પિટલમાં આંખના, ડો.પાયલબેનને બતાવતા તેને મોતિયો પાકી ગયેલ છે તેમ કહેલ તથા ડો. વાઘેલા સાહેબને બતાવવાનું કહેલ. તેમણે અમદાવાદ રીફર કરેલ, જયાં કેટરેક્ટ ઓપરેશનનો ખર્ચ ૭૦,૦૦૦/- થી ૯૦,૦૦૦/- કહેલ. મહેશભાઈ એમ. વેગડ, જેઓ પી.એન.આર. હોસ્પિટલમાં કર્મચારી છે, તેમના પુત્રનું ઓપરેશન આપણે પી.એન.આર. હોસ્પિટલમાં રાહતદરે, તથા ડો. વાઘેલાએ તેમની પોતાની ફી જતી કરેલ, ફકત લેન્સનો ચાર્જ રાહતદરે લઈ, ઓપરેશન સફળતાપૂર્વક કરેલ હતું.



### પ્લાસ્ટિક સર્જરી


રેખાબેન રાજુભાઈ જાદવ. ઉંમર વર્ષ ૨૮, (ભાવનગર) તેઓ દાઝી ગયેલ હોવાથી, ગળામાં અને છાતીનાં ભાગે ચામડી ચોટી જવાથી દર્દી શારીરિક મુશ્કેલી અનુભવી રહયાં હતાં. જેઓની ચામડી માટેની ક્રિટીકલ પ્લાસ્ટિક સર્જરી ડો. નરેશ વાઘવાએ કરેલ, જેનાથી દર્દીને ખૂબજ રાહત મળેલ છે.





# સંક્ષિપ્ત સમાચાર

પારસ શાહ



## PNR - Pravinchandra Dalal Disability Prevention Centre

### રૂબેલા (નૂરબીબી) પ્રિવેન્શન



પી.એન.આર. સોસાયટી તથા ધ દલાલ ફેમિલી ફાઉન્ડેશન, યુ. એસ.એ. દ્વારા સંચાલિત પ્રવિણચંદ્ર દલાલ ડિસેબીલીટી પ્રિવેન્શન સેન્ટર, તેમજ ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન લિમિટેડ વડોદરાના સહયોગથી, વિકલાંગ બાળ જન્મ અટકાવ અભિયાન (રૂબેલા પ્રિવેન્શન પ્રોજેક્ટ) વર્ષ : ૨૦૧૯-`૨૦ના ઓગસ્ટ થી સપ્ટેબર ૨૦૧૯ દરમ્યાન અમરેલી, રાજકોટ, જામનગર જિલ્લામાં રૂબેલાની અવેરનેસ અને વેકસીનેશનની કામગીરી કરવામાં આવેલ. તેમાં ભારત સેવક સમાજ ટ્રસ્ટ, સુરેન્દ્રનગરના સહયોગથી શ્રી યુ.એલ.ડી. કોલેજ- ગોંડલ, જિ. રાજકોટ તથા શ્રી પી. બી. અને બી.બી. કન્યા વિદ્યાલય, કાલાવડ, જિ.જામનગર માં રૂબેલા રસીકરણ કામગીરી કરવામાં આવેલ. જેમાં ૨૨૦૦ બહેનોને અવેરનેસ અને ૧૬૩૪ બહેનોને રૂબેલાની રસી આપવામાં આવી હતી. આ મહા કેમ્પમાં બન્ને સંસ્થાના ટ્રસ્ટીઓ તથા સ્ટાફનો સહકાર ખૂબજ સારો રહયો હતો સાથે અમરેલી જિલ્લાની રાજુલાની શ્રી હિરાલક્ષ્મી બી. સંઘવી કોલેજમાં પણ ૩૦૦ બહેનોને અવેરનેસ આપી. ૨૨૭ બહેનોએ રૂબેલાની રસી લઈ આજીવન સુરક્ષા પ્રાપ્ત કરેલ. કોલેજના ટ્રસ્ટી, આચાર્ય તથા સ્ટાફનો સહકાર ખૂબજ સારો હતો. આ સમગ્ર કેમ્પમાં સંસ્થા પ્રિવેન્શન વિભાગના શ્રી જીજ્ઞેશભાઈ પારેખ, શ્રી કેતનભાઈ રૂપેરા, સ્ટાફ નર્સ શ્રી ભારતીબેન જાની તથા ભારત સેવક સમાજના સભ્યોનો ખૂબજ સહયોગ રહયો હતો.

### ડેફનેસ - બ્લાઈન્ડનેસ

ઓગસ્ટ થી સપ્ટેમ્બર-૨૦૧૯ દરમ્યાન, પી.એન.આર. સોસાયટી સંચાલિત, પ્રવિણચંદ્ર દલાલ ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર અન્વયે, અંધત્વ અને બહેરાશ કાર્યક્રમ અંતર્ગત, મહુવા નગરપાલિકા સંચાલિત પ્રાથમિક શાળાઓના, આંખ અને કાનની **૫૬૪૯૯** બાળકોની તપાસ, ઈ-ચાર્ટ કરી આંખ તપાસવામાં આવી હતી. તેમાંથી દૂરનું ન દેખાતું હોય તેવા બાળકોને, મેન્યુઅલ કીટ દ્વારા, અલગ-અલગ લેન્સ દ્વારા પ્રોપર નંબર કાઢી આપવામાં આવ્યાં હતાં. તેમજ બાળકોનાં કાન ઓટોસ્કોપથી તપાસી, કાનમાં રસી આવતી હોય તેવા બાળકોનાં ફોર્મ ભરી, આગળની કાર્યવાહી કરવામાં આવી. આંખને લગતી તકલીફવાળા **૩૪૭** બાળકો તથા કાનને લગતી તકલીફવાળા **૪૦૮** બાળકો જોવાં મળ્યાં હતાં. જેમાંથી આંખ ત્રાંસી હોય, પાંપણ ઢળેલી હોય, કપાયેલાં હોઠ કે તાળવામાં કાણું હોય તેવા તથા કાનના પડદામાં કાણું હોય અને ઓછું સંભળાતું હોય તેવા બાળકોને, પી.એન.આર. હોસ્પિટલ ખાતે વધુ સારવાર તથા નિદાન અને ઓપરેશન માટે રીફર કરેલ. જેઓને સંસ્થા દ્વારા વિનામૂલ્યે જરુરી સારવાર તથા વિનામૂલ્યે ઓપરેશન કરી આપવામાં આવે છે. આ બે માસ દરમિયાન **૧૮** કાનનાં ઓપરેશન કરેલાં તેમાં Tympanoplasty ના **૧૪** તથા Mastoidectomy ના **૪** ઓપરેશન, ડૉ. અશોક બારૈયા (ઈ.એન.ટી. સર્જન) દ્વારા સફળતાપૂર્વક કરી આપવામાં આવ્યાં હતાં.

### પ્લાસ્ટિક સર્જરી કેમ્પ

ઓગસ્ટ થી સપ્ટેમ્બર-૨૦૧૯ માં બે પ્લાસ્ટિક સર્જરી કેમ્પનું આયોજન, શ્રી જયંતભાઈ વાનાણી (બુધાભાઈ પટેલ) તથા શ્રી નટવરભાઈ મેઘજીભાઈ પટેલ, અમદાવાદના સહયોગથી કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૭૬ બાળકોને તપાસી તથા લેસર ટ્રીટમેન્ટ માટે નિદાન કરી, કુલ ૨૨ બાળકોના ફ્રી ઓપરેશન કરી આપવામાં આવ્યાં છે. જેમાં ૯ કપાયેલાં હોઠના, ૪ તાળવામાં કાણાંના, ૪ હાઈપોસ્પીડીયા, તેમજ ૫ પોસ્ટ બર્ન ઓપરેશન, મુંબઈનાં પ્લાસ્ટિક સર્જન ડૉ.નરેશ વાધવાએ કર્યા હતાં. તેમાં હેર રીમુવલ, સ્કાર પીગમેન્ટેશન, ટેટુ રીમુવલ વિગેરેનાં દર્દીઓ આ અત્યાધુનિક યુનિટનો લાભ લઈ રહયાં છે. તેમજ કોસ્મેટિક સેન્ટરમાં હેર ટ્રાન્સપ્લાન્ટ માટે નિદાન, માર્ગદર્શન તથા રજીસ્ટ્રેશન માટેનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પ, ડૉ.નરેશ વાધવા, ડૉ. નિરવ ધોળકિયા તથા

ડૉ. મેહુલ મોદી (એનેસ્થેટિક), પ્રિવેન્શન ડિપાર્ટમેન્ટનો સ્ટાફ તથા હોસ્પિટલ નર્સિંગ સ્ટાફની જહેમતથી, સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યો હતો.

## પેડિયાટ્રીક ઓપ્થેલ્મિક સેન્ટર

ઓગસ્ટ થી સપ્ટેમ્બર-૨૦૧૯ દરમિયાન પી.એન.આર. સોસાયટી - પ્રવીણચંદ્ર દલાલ ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર અન્વયે, અંધત્વ-બહેરાશ કાર્યક્રમ અંતર્ગત, એક પેડિયાટ્રીક ઓપ્થેલ્મિક કેમ્પનું આયોજન તા.૪-૫ ઓગસ્ટ-`૧૯ ના રોજ કરવામાં આવ્યું હતું. તેમાં મુંબઈના જાણીતા ડૉ.જનક શાહ તથા ડૉ.પ્રિતી શાહે કુલ ૧૦૭ બાળકોને તપાસ કરી, તેમાંથી કુલ ૧૦ બાળકોના વિવિધ પ્રકારનાં ઓપરેશન કરવામાં આવ્યાં હતાં. આ કેમ્પ ડૉ.જનક શાહ, ડૉ.પ્રિતી શાહ, ડૉ.નિરવ ધોળકિયા, ડૉ.મેહુલ મોદી, પ્રિવેન્શન ડિપાર્ટમેન્ટનો સ્ટાફ તથા હોસ્પિટલ સ્ટાફની જહેમતથી સફળતા પૂર્વક કરવામાં આવ્યો હતો.

## મોતિયાનો નિદાન અને સારવાર કેમ્પ

કેમ્પમાં પી.એન.આર. હોસ્પિટલના ઓપ્થેલ્મિક સર્જન ડૉ. પાયલબેન અરોરા દ્વારા આંખની તકલીફવાળા જરૂરિયાતમંદ ૪૦૫ લાભાર્થીને પ્રાથમિક તપાસ કરી, જરૂરિયાત મુજબ ટીપાં, દવા આપવામાં આવેલ, તે પૈકી



૩૦ દર્દીઓને મોતિયાબિંદુના ઓપરેશન માટે પી.એન.આર. હોસ્પિટલમાં રીફર કરવામાં આવેલ. તેમજ ૪૧૬ લાભાર્થીઓને બેતાળા ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના માનદ્ મંત્રીશ્રી કિરીટભાઈ રાઠોડ, ખજાનચી શ્રી એચ.પી. રાખશિયા, ભાજપ મહિલા મોંચા પ્રમુખ શ્રી દિવ્યાબેન વ્યાસ, મહામંત્રી બિંદુબેન, તેમજ મહાનગરપાલિકા દંડક જલ્વીકાબેન ગોંડલિયા, મેયર શ્રી મનભા મોરી વિગેરે મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહયાં હતાં. આ કેમ્પ ભાવનગર શહેરના અત્યંત પછાત વાલ્કેટ ગેટ વિસ્તારમાં તળપદા કોળી જ્ઞાતિની વાડીમાં યોજવામાં આવ્યો હતો.

# બેતાળા ચશ્મા વિતરણ કેમ્પ

ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખ તથા ભાવનગર પશ્ચિમ વિભાગના ધારાસભ્ય શ્રી માનનીય જીતુભાઈ વાઘાણીના જન્મદિવસ નિમીત્તે વિશિષ્ટ સારવારનો કેમ્પ ભાવનગરના મહાદેવનગરના ચિત્રા વિસ્તારની શાળાનં. ૫૩માં રાખવામાં આવેલ. તેમાં જુદી-જુદી સંસ્થાઓએ પોતાની વોલેન્ટ્રી સેવાઓ આપેલ. તેમાંથી શ્રી પી.એન.આર. સોસાયટી દ્વારા બેતાળા ચશ્મા વિતરણ કેમ્પનું આયોજન કરવામાં આવેલ. તેમાં સંસ્થાના પ્રમુખશ્રી શશીકાંતભાઈ વાઘર, માનદ્ મંત્રીશ્રી કિરીટભાઈ રાઠોડ, ટ્રેઝરરશ્રી એચ. પી. રાખશિયા તથા ટ્રસ્ટીશ્રી મહાસુખભાઈ જકડિયા ઉપસ્થિત રહેલ. આ બધા ટ્રસ્ટીશ્રીઓએ શ્રી જીતુભાઈ વાઘાણીને પુષ્પગુચ્છ અર્પણ કરી, જન્મદિનની શુભેચ્છા પાઠવેલ. શ્રી જીતુભાઈએ પોતાના વકતવ્યમાં કહેલ કે “ભાવનગરની અંદર સેવાભાવી સંસ્થાઓ છે. તેનો લાભ બધાએ લેવો. હું તો તેને અહીં એકત્ર કરીને, તેમની સેવા મળે તે માટેનો નિમિત્ત છું.” બધી સંસ્થા સાથે પી.એન.આર. સોસાયટી સેવા આપે છે. તેનો ઉલ્લેખ પણ વારંવાર કરેલ અને સેવા બદલ આભાર વ્યકત કરેલ. આ બેતાળા ચશ્મા વિતરણ કેમ્પમાં પી.એન.આર. હોસ્પિટલ






અને પ્રિવેન્શન ટીમે પોતાની સેવા આપેલ. જેમાં આશરે ૩૫૦ લાભાર્થીને બેતાળા ચશ્મા વિતરણ કરેલ. **BJP**ના સેવાભાવી કાર્યકર્તાઓએ પણ ઉત્તમ સેવા આપી, જેને કારણે શાંતિ અને સફળતાપૂર્વક કેમ્પ પૂર્ણ થયેલ હતો.

# સંક્ષિપ્ત સમાચાર

✍ ધીરુભાઈ ધંધુકિયા



## 'હાઈટેક' ઈન્કલુઝિવ સ્કૂલ

### વૃક્ષારોપણ

સ્કૂલમાં તા- ૭/૮ના રોજ, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં વૃક્ષારોપણની ઉજવણી કરવામાં આવેલ. જેમાં વૃક્ષ છે, તો જીવન છે તે બાબતે બાળકોને માર્ગદર્શન આપવામાં આવેલ. તેમજ શાળાના મેદાનમાં બાળકોએ પોતાના હસ્તે વૃક્ષ/છોડ રોપ્યા હતાં. 'વૃક્ષ વાવો વરસાદ લાવો' ના નારા સાથે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવેલ.

### રાખી સ્પર્ધા



સ્કૂલમાં તા. ૮/૮ ના રોજ બાલમંદિર, પ્રાથમિક વિભાગમાં રાખી સ્પર્ધાનુ આયોજન કરવામાં આવેલ. જેમાં બાળકો વિવિધ પ્રકારની રાખડીઓ બનાવીને લાવેલ. આ રાખડીઓનું શાળાનાં કેમ્પસમાં પ્રદર્શન પણ ગોઠવવામાં આવેલ. આ પ્રદર્શન નિહાળવા સંસ્થાના ટ્રસ્ટી શ્રી બાબાભાઈ, મફતકાકા, જોઈન્ટ સેક્રેટરી શ્રી ડી.જે ધંધૂકિયા સાહેબ, સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહ, રાખશિયા સાહેબ , કિરીટભાઈ રાઠોડ, પડિયા સાહેબ તથા સી.પી. સ્કૂલનાં અને ડે કેરનાં તમામ બાળકોએ આ પ્રદર્શન નિહાળેલ.

### વિશ્વ સિંહ દિવસ



સ્કૂલમાં તા. ૧૦/૮ ના રોજ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં વિશ્વ સિંહ દિવસની ઉજવણી કરવામાં આવેલ. જેમાં બાળકોએ 'સિંહ બચાવો ' ના નારા સાથે રેલી કાઢી હતી. ત્યારબાદ વિદ્યાર્થીઓને ફિલ્મ દ્વારા આ દિવસનું મહત્વ સમજાવેલ.

### ૧૫મી ઓગષ્ટ

સ્કૂલમાં તા.૧૫/૮ના રોજ ૭૩માં સ્વાતંત્ર્ય પર્વની ઊજવણી કરવામાં આવી. સવારે ૮:૪૫ કલાકે સંસ્થાના સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહના વરદ્ હસ્તે ધ્વજવંદન થયેલ. ત્યારબાદ પ્રાથમિક વિભાગની બહેનોએ 'જય હો…' ગીત પર યોગ ડાન્સ કરેલ. આ ઊપરાંત રાખી સ્પર્ધામાં ૧ થી ૩ નંબર આવેલા વિદ્યાર્થીઓને ઈનામ પણ આપવામાં આવેલ.

### જન્માષ્ટમી પર્વ



સ્કૂલમાં તા.૨૧/૮ ના રોજ બાલમંદિર, પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં જન્માષ્ટમી પર્વની ઉજવણી કરવામાં આવેલ. પ્રાથમિક વિભાગમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓએ 'છટકી રે મારા માખણની મટકી' તથા ભાઈઓએ 'ગો ગો ગોવિંદા …' ગીત પર ડાન્સ રજૂ કરેલ. ત્યારબાદ મટકી ફોડીને આ દિવસને વધુ યાદગાર બનાવેલ.

### સ્પોર્ટસ ડે

માન. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા રાષ્ટ્રીય ખેલ દિવસ, તા- ૨૯/૮ ના રોજ, 'ફિટ ઈન્ડિયા મૂવમેન્ટ' કાર્યક્રમનું ઉદ્દઘાટન કરવામાં આવ્યું. જે અંતર્ગત પી.એન.આર સોસાયટી સંચાલિત, 'હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલ'માં 'ફિટ ઈન્ડિયા મૂવમેન્ટ' અંતર્ગત બાળકો તથા શિક્ષકો દ્વારા રેલી કાઢવામાં આવેલ. આ ઊપરાંત બાળકોને ઓનલાઈન ડીડી



ન્યૂઝ પર, ફિટ ઈન્ડિયા મૂવમેન્ટ કાર્યક્રમનું લાઈવ પ્રસારણ પણ બતાવવામાં આવેલ. જેમાં શાળાનાં પ્રિન્સિપાલ શ્રી હિતેનકુમાર પંડ્યા પણ હાજર રહેલ.

## ગણેશ ઉત્સવ



સ્કૂલમાં તા.૨/૯ ના રોજ સવારે ૯ કલાકે દરેક શિક્ષકો અને શાળાનાં પ્રિન્સિપાલ શ્રી હિતેનકુમાર પંડ્યા ઉપસ્થિત રહી, ગણપતી મૂર્તિનું સ્થાપન કરેલ. ત્યારબાદ સંસ્થાનાં માનદ્ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ, ડો. ઝાંઝરુકિયા સાહેબ, શ્રી તન્નારાણા સાહેબે આરતી ઉતારેલ અને પ્રસાદ વિતરણ કરેલ. તા.૬/૯ ના રોજ બપોરે ૧૨ વાગ્યે શિક્ષકો અને શાળાના પ્રિન્સિપાલ દ્વારા કોળિયાક ગામે ગણપતી મૂર્તિનું વિસર્જન ધામધૂમપૂર્વક કરવામાં આવેલ.

## શિક્ષકદિન

સ્કૂલમાં તા- ૫-૯-૧૯ના રોજ શિક્ષકદિનની ઊજવણી કરવામાં આવેલ. જેમાં પ્રાથમિક- માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગનાં વિદ્યાર્થીઓએ શિક્ષક તરીકેની ફરજ બજાવેલ.ધો-૭માં અભ્યાસ કરતો વિદ્યાર્થી નિમાવત દર્શ પ્રિન્સિપાલની ફરજ બજાવેલ. અને તેના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓએ શિક્ષકની ભૂમિકા ભજવેલ.

## ખેલ મહાકુંભ

તાજેતરમાં સ્પોર્ટસ કોમ્પલેક્ષ ખાતે યોજાયેલ ખેલ મહાકુંભ-૨૦૧૯માં પી.એન.આર સોસાયટી સંચાલિત હાઈટેક



ઈન્કલુઝિવ સ્કૂલની ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીની કું. પટેલ હેત્વી મનીષભાઈએ ૧૦૦ મીટર અને ૨૦૦ મીટર દોડમાં ઝોન લેવલે પ્રથમ નંબર પ્રાપ્ત કરી જિલ્લા કક્ષાએ પસંદગી પામેલ. તેમજ ધો-૧૨માં અભ્યાસ કરતી ડાંગરોચા હીના ભરતભાઈ, ૪૦૦ મીટર દોડમાં ઝોન લેવલે પ્રથમ નંબર પ્રાપ્ત કરી,જિલ્લા કક્ષાએ પસંદગી પામેલ. આ ઊપરાંત કરાટેમાં ડાભી હિરલ જિલ્લા કક્ષાએ દ્વિતિય નંબર, ગોળાફેંકમાં પંડ્યા મૈત્રી અને જોષી આસ્થાએ ઝોન કક્ષાએ ચોથો નંબર, તેમજ ઊંચીકૂદમાં હર્ષ ચોપડાએ ઝોન કક્ષાએ તૃતીય નંબર પ્રાપ્ત કરેલ.

## વિશ્વ હિન્દી દિન



સ્કૂલમાં તા.૧૪/૯ ના રોજ વિશ્વ હિન્દી દિનની ઊજવણી કરવામાં આવેલ. માધ્યમિક વિભાગમાં દરેક વિદ્યાર્થીઓએ શ્રુતલેખનમાં ઉત્સાહભેર ભાગ લીધેલ. શ્રુતલેખન સ્પર્ધામાં પ્રથમ નંબરે પંડ્યા મૈત્રી હિતેનકુમાર, દ્વિતિય નંબરે પરમાર શિવમ વી. તેમજ તૃતીય નંબરે પટેલ હેત્વી મનીષભાઈ વિજેતા બનેલ.



# સંક્ષિપ્ત સમાચાર

જીજ્ઞાબહેન સોલંકી



## મગજના લકવાગ્રસ્ત (સેરિબ્રલ પાલ્સી) બાળકોની વિશિષ્ટ શાળા

### ખોડીયાર અને ગૌતમેશ્વર પ્રવાસ

તા. ૨૨/૭ નાં રોજ નટરાજ સી.પી. સ્કૂલના વધારે અક્ષમતા ધરાવતા બાળકો કે જેઓને મોબિલીટી માટે વ્હિલચેરનો ઉપયોગ કરવો પડે છે, તેવા બાળકો તથા ઓટિઝમ ધરાવતા બાળકો, દિશા ક્રમ વિકાસ પ્રોજેકટના માનસિક અક્ષમતા ધરાવતા કુલ ૫૮ બાળકોનો, ૩૫ વાલીઓ સાથે પ્રવાસ, ખોડીયાર મંદિર તથા શિહોરમાં ગૌતમેશ્વર ખાતે યોજવામાં આવેલ. બાળકોએ પ્રવાસ દરમ્યાન ગમ્મત સાથે જ્ઞાન પ્રાપ્ત કરેલ. પ્રવાસને સફળ બનાવવા માટે શિક્ષક શ્રી જયોતીબેન પરમાર તથા શ્રી કાર્તિકભાઈ વ્યાસે જહેમત ઉઠાવેલ. દિવ્યાંગ વિદ્યાર્થીઓનાં સામાજીકરણ, હૂંફ અને સંસ્કાર સિંચનમાં પ્રવાસની મહત્વની ભૂમિકા રહેલી છે.

### માળનાથ ખાતે ટ્રેકિંગ

તા. ૨૬/૭ ના રોજ  નટરાજ સી.પી. સ્કૂલ, વિકાસ પ્રોજેક્ટ, કે.એન.શાહ ડે-કેર પ્રોજેકટના એવા કુલ ૩૬ બાળકોને માટે માળનાથ ખાતે ટ્રેકિંગનું આયોજન કરેલ. વિદ્યાર્થીઓ ખૂબ જ હિમ્મત તથા સાહસથી ટ્રેકિંગ કરીને આ આયોજનને સફળ બનાવેલ. દરેક વિદ્યાર્થીઓ જયારે ટ્રેકિંગ કરીને ટોચ પર પહોંચ્યા ત્યારે, તેમનાં ચહેરા પર સંતોષ તથા ખુશી છલકતી જોઈ શકાતી હતી. તેઓને આહલાદ્દક કુદરતી વાતાવરણના સાનિધ્યમાં પ્રકૃતિને માણવાની ખૂબજ મજા આવેલ. આ એડવેન્ચર પિકનીકને સફળ બનાવવા માટે શાળાના આચાર્યા શ્રી જિજ્ઞાબેન સોલંકીના માર્ગદર્શન હેઠળ, શ્રી જયોતીબેન પરમાર અને શ્રી કાર્તિકભાઈ વ્યાસે જહેમત ઉઠાવેલ.

### ઘંટાકર્ણ મહાવીરના દર્શન

તા. ૨/૮ ને શુક્રવારના દિવસે શ્રાવણ માસના પ્રથમ દિવસે સી.પી. સ્કૂલ, ઓટિઝમ પ્રોજેક્ટ, કે.એન. શાહ ડે-કેર સેન્ટર તથા દિશા-વિકાસ પ્રોજેકટના બાળકો તથા શિક્ષકોને શ્રી ઘંટાકર્ણ મહાવીર સ્વામી(ભાવનગર)ના દર્શનાર્થે લઈ જવામાં આવેલ તથા સુખડી-ગાંઠિયાની પ્રસાદી ગ્રહણ કરાવવામાં આવેલ. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રીમતી જીજ્ઞાબેન સોલંકીના માર્ગદર્શન હેઠળ, શ્રી તૃપ્તિબેન મહેતા દ્વારા કરવામાં આવેલ.

### સ્પર્ધા આયોજન

તા. ૧૩/૮ ને મંગળવારના રોજ  રાખડી મેકિંગ કોમ્પિટીશન તથા વાનગી સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. તેમાં નટરાજ સી.પી. સ્કૂલ, ઓટીઝમ સ્કૂલ, કે.એન.શાહ ડે-કેર સેન્ટર તથા દિશા-વિકાસ પ્રોજેકટના વિદ્યાર્થીઓ, વાલીઓ તથા શિક્ષકોએ ઉત્સાહ અને આનંદભેર ભાગ લીધેલ. બન્ને સ્પર્ધા અંતર્ગત સ્પર્ધકોને પ્રથમ, દ્વિતિય અને તૃતિય સુધીના ક્રમાંક આપી પ્રોત્સાહિત કરવામાં આવેલ. આ બન્ને સ્પર્ધામાં બાવીસથી વધુ સ્પર્ધકો જોડાયા હતાં. આ સ્પર્ધા માટે શ્રી રાજુભાઈ હકાણી તથા શ્રીમતી શશીબેન ધંધુકિયાએ કવોલિટી (ગુણવત્તા), ન્યુટ્રીશ્યન વેલ્યૂ (પોષક તત્વોની માત્રા), પ્રેઝન્ટેશન (પ્રસ્તુતિકરણ) અને  ટેસ્ટ (સ્વાદ) વગેરે જેવા ગુણો ધ્યાનમાં રાખીને નિર્ણાયક તરીકે કાર્ય કરેલ તથા ભવિષ્યમાં આવા કાર્યક્રમ અંતર્ગત સુધારા અંગે પોતાનું માર્ગદર્શન પૂરું પાડેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રીમતી જીજ્ઞાબેન સોલંકીના માર્ગદર્શન હેઠળ, શ્રી તૃપ્તિબેન મહેતા દ્વારા કરવામાં આવેલ.

### રક્ષાબંધન પર્વની ઉજવણી



તા. ૨૪/૮ ને શુક્રવારનાં રોજ નટરાજ સી.પી. સ્કૂલ તથા સંલગ્ન પ્રજેકટમાં રક્ષાબંધન પર્વની હર્ષભેર ઉજવણી કરવામાં આવી હતી. જેમાં લાયન્સ કલબ, ભાવનગર વેસ્ટ તથા લાયોનેસ કલબ, ભાવનગરના સભ્યોએ બાળકો દ્વારા રાખડી બંધાવીને કાર્યક્રમનો શુભારંભ કરેલ. બ્રહ્માકુમારી ઈશ્વરીય વિધાલય, ભાવનગરના કુ. નમ્રતા દીદી અને કુ.રુહાની દીદીએ સૌને હંમેશા ખુશ રહેવાની પ્રતિજ્ઞા લેવડાવેલ. તેમજ રક્ષાસુત્ર બાંધી મો મીઠું કરાવેલ. બાળકોએ ખુબજ ઉત્સાહથી રક્ષાબંધનની ઉજવણીમાં ભાગ લઈ કાર્યક્રમનો શુભારંભ કરેલ. કાર્યક્રમ બાદ મહેમાનશ્રી દ્વારા બાળકોને ફૂડ પેકેટની વ્યવસ્થા પણ કરવામાં આવેલ.

## જન્મદિવસની ઉજવણી



તા. ૨૧/૮ના રોજ નટરાજ સી.પી સ્કૂલના આચાર્યા શ્રી જીજ્ઞાબેન સોલંકી તથા સંસ્થાના અનાથ બાળકો અજય, વિનય, અક્ષયના જન્મદિવસ ઉજવવામાં આવ્યાં. જીજ્ઞાબેને “ઓ માત પિતા તુજે વંદન” ગીત દ્વારા પોતાની લાગણી વ્યકત કરી હતી. ત્યાર બાદ તમામ સ્ટાફ, બાળકો, વાલીઓ વતી શુભેચ્છા પાઠવતું બર્થ ડે કાર્ડ સંસ્થાના સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહના હસ્તે, શ્રી જીજ્ઞાબેનને આપવાની સાથે, ‘સારી તંદુરસ્તી અને જીવનમાં ઉત્તરોતર પ્રગતિ કરે’ તેવી શુભકામના આપેલ. પારસભાઈએ જીજ્ઞાબેનની પ્રશંસા કરતા જણાવેલ “જીજ્ઞાબેને ૨૦૦૦ની સાલમાં એકલા હાથે સી.પી. બાળકો માટે કામ કરવાનું શરૂ કર્યુ હતું ... આજે તેમની પાસે આટલાં બધા એકસપર્ટની ટીમ છે જે ખુબ ગર્વ લેવા જેવી વાત છે.” તો જીજ્ઞાબેને પી.એન.આર. ટ્રસ્ટને રૂા. ૨૫૦૦/- નું દાન આપી નવી પ્રથા શરૂ કરી હતી. જન્મદિવસ નિમિત્તે જીજ્ઞાબેન દ્વારા બાળકો તથા શિક્ષકોનું મોં મીઠું કરાવવામાં આવ્યું હતું.

## તળાજા રિસોર્સ સેન્ટર

તા. ૦૫/૯ ને ગુરૂવારનાં રોજ પી.એન.આર. સોસાયટી સંચાલિત તળાજા રીસોર્સ સેન્ટર, શ્રી એન.આર. શાહ મેમોરિયલ હોસ્પિટલ, તળાજા ખાતે, મગજનો લકવો તેમજ મંદબુધ્ધિ ધરાવતા બાળકો દ્વારા અનોખી રીતે ‘શિક્ષકદિન’ની ઉજવણી કરવામાં આવેલ. જયાં સામાન્ય બાળકોની સમાન સેન્ટરના ધો. ૧૦માં ૭૦ ટકા ગુણ મેળવેલ વિદ્યાર્થી શ્રી ડોડીયા પરાગ દ્વારા, સેન્ટરના બીજા બાળકોને પ્રાથમિક જ્ઞાન પુરું પાડવામાં આવેલ. સેન્ટરના સ્પેશ્યલ એજયુકેટર શ્રી પંકજભાઈ કટકિયા હાજર રહેલ. તેઓએ અંતમા શિક્ષકદિન વિશે માહિતી આપવામાં આવેલ.

## મહુવા રિસોર્સ સેન્ટરમાં ગણેશજીના પંડાલના દર્શન કર્યા

તા. ૨૬/૮ ને સોમવારના રોજ પી.એન.આર. સોસાયટી સંચાલિત મહુવા રીસોર્સ સેન્ટર, કેમિસ્ટ એસોસિએશન



હોલ, મહુવા ખાતે સારવાર અને શિક્ષણ લેતા વિવિધ દિવ્યાંગતા ધરાવતા બાળકોને સમાજમાં સંમિલિત કરવા તથા સમાજ તેમનો સન્માનિત નાગરિક તરીકે સ્વિકાર કરે તેવા ઉત્તમ હેતુથી, ગાધકડા બજારમાં જયદેવા મિત્રમંડળના ગણેશજીના પંડાલમાં દર્શન કરવા માટે શ્રી જીજ્ઞાબેન સોલંકીના સુચન અનુસાર, સેન્ટરના કેરગીવર્સ શ્રી સ્મિતાબેન ટાપણીયા તેમના વાલીઓ સાથે લઈ ગયેલ.

## ન્યૂ બોર્ન બેબી સ્ક્રિનિંગ ટ્રેનિંગ



તા. ૧૭/૯ના રોજ નટરાજ સી.પી. સ્કૂલના આચાર્યા શ્રી જીજ્ઞાબેન સોલંકી દ્વારા, જૈરી જી. જહોન વેલ બેબી કલીનીકમાં ૮ દિવસની નાની બાળકીનું સ્ક્રિનિંગ, સ્કૂલના થેરાપિસ્ટને પ્રેકટીકલ બતાવીને ટ્રેનિંગ આપવામાં આવેલ. જેમાં બાળકીનો ગ્રોથ અને ડેવલપમેન્ટ નોર્મલ માલુમ પડેલ. આ પ્રોજેકટ અંતર્ગત બાળકોની ખુબ જ નાની ઉંમરમાં સ્પેશ્યાલિસ્ટ દ્વારા તપાસ કરવામાં આવે છે. જેથી કરીને બાળકોને અર્લી ચાઈલ્ડહૂડમાં ડાયગ્નોઝ કરી તેમની અક્ષમતાનું પ્રમાણ બને તેટલું સારવાર આપી ઘટાડી શકાય.

## નટરાજ હોસ્ટેલમાં નિવાસી બાળકો માટે તિથિભોજન

* તા. ૩૦/૮ના રોજ શ્રી સિધ્ધાર્થભાઈ દોશી તરફથી નાસ્તો. * તા. ૧૫/૯ના રોજ શ્રી કલાવતીબેન બટુકભાઈ ઠકકર તરફથી પીઝા, હોટડોગ નું ભોજન. * તા. ૧૫/૯ના

રોજ શ્રી પ્રદિપભાઈ અનંતરાય ઠકકર તરફથી મોહનથાળ. ✻ તા. ૧૭/૯ના રોજ શ્રી રાજ સતીષભાઈ સોમાણીના જન્મદિવસ નિમીત્તે દુધપાક પુરી નું ભોજન. ✻ તા. ૨૪/૯ના રોજ શ્રી શાંતિલાલ મણીરામ વૈષ્ણવ તરફથી પાંવભાજીનું ભોજન. ✻ તા. ૨૬/૯ના રોજ ડો. નિશાંત ગોંસાઈ તરફથી ભોજન. ✻ તા. ૨૬/૯ના રોજ શ્રી કલ્યાણીબેન ગાંધી તરફથી દુધપાક, ખમણ. ✻ તા. ૨૭/૯ના રોજ શ્રી સંજયભાઈ રાઠોડ તરફથી પનીર ભુરજી, પરોઠા, છાશ, પાપડ નું રાત્રી ભોજન.

## પાલીતાણા રીસોર્સ સેન્ટર ખાતે પેરેન્ટસ ટ્રેનિંગ પ્રોગ્રામ

✻ તા. ૨૩/૯ ના રોજ પાલિતાણા રીસોર્સ સેન્ટર પર ડો. હિનાબેન મકવાણા અને કૈલાશબેન વાઘેલા દ્વારા વિવિધ દિવ્યાંગતા ધરાવતા બાળકોને, વાલીઓ દ્વારા ઘરે પણ સારવાર મળી રહે તેવા ઉત્તમ હેતુથી, વાલીઓ સાથે ગૃપમાં થેરાપી કરાવી, પેરેન્ટસને ટ્રેનિંગ આપવાનું આયોજન કરવામાં આવેલ.



✻ તા. ૨૦/૮ના રોજ પાલીતાણા રીસોર્સ સેન્ટરના બાળકો દ્વારા બી.આર.સી. ભવનમાં, બીજા દિવ્યાંગોની સાથે ખુબજ ભવ્યતાપૂર્વક મટકી ફોડીને, જન્માષ્ટમી ઉત્સવની ઉજવણી કરવામાં આવેલ. ત્યાર બાદ સેન્ટરના વિદ્યાર્થીઓને નાસ્તો કરાવવામાં આવેલ. બી.આર.સી. ભવનમાંથી વિવિધ દિવ્યાંગો દ્વારા પાલિતાણા સેન્ટરમાં ઉજવાતા વિવિધ પ્રસંગોમાં હાજરી આપવામાં આવતી હોય છે.



## મહુવા રીસોર્સ સેન્ટરમાં બાળકોના જન્મદિવસની ઉજવણી



પી.એન.આર. સોસાયટી સંચાલિત મહુવા રીસોર્સ સેન્ટર પર નિયમીત ફિઝયોથેરાપી, સ્પીચથેરાપી, સ્પેશયલ એજયુકેશન અને એ.ડી.એલ.ની ટ્રીટમેન્ટ લેવા આવતા વિવિધ લાભાર્થી બાળકો, સેન્ટરને પોતાના ઘર સમાન માને છે, એટલે જ તેમના જન્મદિવસની ઉજવણી તેઓ બીજા સેન્ટરમાંથી આવતા બાળકો સાથે કરવા ઈચ્છે છે. આવી રીતે જ ગત માસમાં સેન્ટરનાં વિદ્યાર્થી ચિ.હસ્તિ મેહુલભાઈ સંઘવી અને ચિ. ગૌતમ પરમારનો જન્મદિવસ સર્વે બાળકોની સાથે ઉજવાયો હતો. તેમના દ્વારા સેન્ટરનાં બાળકોને ગિફટ અને નાસ્તો આપવામાં આવ્યો હતો.

**સી.પી. સ્કૂલમાં પ્રિવોકેશનલ એકટીવિટી અંર્તગત કુકિંગ અને ચોકલેટ બનાવવાની પ્રવૃત્તિ શરૂ કરવામાં આવી છે. આ બન્ને વસ્તુઓ રેગ્યુલર ઓર્ડર મુજબ ગિફટ પેકિંગમાં સી.પી. સ્કૂલથી મળી સકશે. ઓર્ડર માટે: કોન્ટેકટ નં ૯૩૭૫૭૫૭૧૮૨ અથવા (૦૨૭૮) ૨૪૭૦૨૩૨**




**મહુવા રીસોર્સ સેન્ટરનો વિદ્યાર્થી જોષી આશુતોષ દિપકભાઈ જે લોકોમોટર ડિસેબિલીટી ૮૫% ધરાવતો હતો. કે જે મહુવા રીસોર્સ સેન્ટર પર નિયમીત ફિઝીયોથેરાપી માટે આવતો. જેનું તાઃ ૨૪/૯/૧૯ના રોજ ન્યુમોનિયા થવાથી અવસાન થયું છે. ભગવાન તેના આત્માને શાંતિ આપે.**





# સંક્ષિપ્ત સમાચાર

✍ કૌશિક પરમાર



## એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્ક એન્ડ ઈન્સ્ટિટ્યૂટ

### સેવાભાવી કાર્યકર શ્રી રમેશભાઈ પરમારનો સ્વર્ગવાસ



PNR સોસાયટી સંચાલિત AT&T ટેકનોલોજી પાર્કના છાત્રાલયમાં રહેતા વિકલાંગ તાલીમાર્થી ભાઈ-બહેનો માટે, દાતાઓના ઘરે-ઘરે જઈ ભોજન ટીફીન લેવા-મુકવા જવાની વિનામૂલ્યે સ્વૈચ્છિક કામગીરી કરતાં શ્રી રમેશભાઈ પરમાર ટુંકાગાળાની બિમારી બાદ તા.૨૨.૮.૧૯ના રોજ સ્વગર્વાસ પામેલ છે. તેમના દુઃખદ અવસાનથી સંસ્થાના ટ્રસ્ટીશ્રીઓ, કાર્યકર્તાઓ, કર્મચારીઓ અને તાલીમ મેળવેલ તમામ વિકલાંગ ભાઈ-બહેનોએ ઉંડા આઘાતની લાગણી અનુભવી છે. સ્વ.રમેશભાઈએ કોઈપણ પ્રકારની અપેક્ષા વગર સંસ્થાને પોતાની સેવા આપેલ છે તે બદલ સંસ્થા પરિવાર તેમની સદાય ઋણી રહેશે. તા. ૨૭.૮.૧૯ ના રોજ AT&T ટેકનોલોજી પાર્ક ખાતે સ્વ. રમેશભાઈની પ્રાર્થના સભામાં, શ્રી બાબાભાઈ, શ્રી પારસભાઈ, શ્રી કિરીટભાઈ રાઠોડ, શ્રી ધંધુકિયાસાહેબ, શ્રી કૌશિકભાઈ પરમાર, શ્રી મેહુલભાઈ બુધેલિયા વિગેરેએ શ્રી રમેશભાઈની સેવાની ભાવનાને બીરદાવી હતી અને સદ્‌ગતના આત્માને શાંતિ અર્થે બે મિનીટનું મૌન પાળી ઈશ્વરને પ્રાર્થના કરાયેલ.

### બિનસચીવાલય કલેરીકલ પોસ્ટ પરીક્ષાના મોક ટેસ્ટનું આયોજન

PNR સોસાયટી સંચાલિત AT&T ટેકનોલોજી પાર્કમાં વિકલાંગ ભાઈ-બહેનોને વિનામૂલ્યે કોમ્પ્યુટરની તાલીમની સાથો-સાથ તેમને નોકરી પણ મળે તેવા હેતુથી વિવિધ પ્રવૃતિઓનું આયોજન કરવામાં આવે છે. આવી પ્રવૃત્તિના ભાગરુપે તા. ૧૫.૯.૨૦૧૯ ને રવિવારે 'બિનસચીવાલય કલેરીકલ પોસ્ટ' માટે યોજાતી પરીક્ષાના પેપર નંબર ૧ના મોક ટેસ્ટનું આયોજન કરાયેલ. જેમાં વિવિધ ગામોમાંથી કુલ ૭૫ વિકલાંગ ભાઈ-બહેનોએ આ ટેસ્ટ આપેલ. આગામી સમયમાં પેપર નંબર બે થી પાંચનું આયોજન પણ કરવામાં આવેલ છે. આ ટેસ્ટ આપવાથી વિકલાંગ ભાઈ-બહેનોના આત્મવિશ્વાસમાં ઉમેરો થશે અને સરકારી નોકરી મેળવવામાં ઉપયોગી થશે. કાર્યક્રમ દરમ્યાન તેમને જરુરી માર્ગદર્શન આપવામાં આવેલ. કાર્યક્રમનું આયોજન શ્રી મેહુલભાઈ બુધેલિયાએ કરેલ.

## કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી

પી.એન.આર. સોસાયટી સંચાલિત નટરાજ કોલેજ પરિસરમાં, નટરાજ સી. પી. સ્કૂલ (મગજના લકવાવાળા બાળકોની શાળા), દિશા વિકાસ પ્રોજેક્ટ, ડે કેર સેન્ટર, હાઈટેક સ્કૂલના બાળકો, વિશિષ્ટ શિક્ષકો, થેરાપીસ્ટ અને વાલીઓ દ્વારા કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ દ્વારા તા.૨૧/૦૮ ના રોજ રંગે-ચંગે કરવામાં આવી હતી. ઉપસ્થિત મહાનુભાવો સર્વશ્રી બી. બી. ગોહિલ (સમાજ સુરક્ષા અધિકારી), શ્રી તેજપાલસિંહ, જીગરભાઈ શાહ, સચિનભાઈ પરીખ (જૈન સોશ્યલ ગ્રુપ) શિવ ભગવાન બંકા તથા ભારતીબેન (મેમ્બર લાયોનેસ કલબ), શ્રી બાબાભાઈ, શ્રી પારસભાઈ, શ્રી કિરીટભાઈ રાઠોડ, શ્રી પ્રદીપભાઈ ભટ્ટ, શ્રી હર્ષકાંતભાઈ રાખશિયાએ, રાખડી બનાવવાની તથા વાનગી હરિફાઈમાં વિજેતા બાળકોને પ્રોત્સાહક ઈનામો વિતરીત કરેલ હતાં. સી.પી. સ્કૂલના ઈન્ચાર્જ પ્રિન્સીપાલ શ્રી જીજ્ઞાબેન સોલંકીના માર્ગદર્શન નીચે સર્વે કર્મચારીઓએ આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. ઉદ્‌ઘોષક તરીકે શ્રી વિભૂતિબેન વ્યાસ હતાં.







# સંક્ષિપ્ત સમાચાર

✍ ભક્તિ મહેતા



## શ્રી શાહ ખી. લ. બહેરાંમૂંગા શાળા - ટ્રસ્ટ


૧. ૧૦ ઓગસ્ટ 'વિશ્વ સિંહ દિવસ' નિમિત્તે, વનવિભાગ દ્વારા જિલ્લા કક્ષાએ ભાવનગરમાં ઉજવણી કરવામાં આવેલ. ભાવનગર વનવિભાગના આંમત્રણને માન આપી આપણી શાળાની કૃતિ "રાજસ્થાની નૃત્ય" ને ઝવેરચંદ મેઘાણી ઓડિટોરીયમમાં પ્રસ્તુત કરવામાં આવેલ. આપણી બધિર બાળાઓ દ્વારા રજુ થયેલ આ કૃતિને ઉપસ્થિત મેદનીએ તાળીઓના ગડગડાટથી વધાવેલ.




૨. તા. ૧૦/૦૮/ ના રોજ 'વિશ્વ સિંહ દિવસ' ની ઉજવણી શાળામાં પણ કરવામાં આવી હતી. જેમાં શાળાના વિદ્યાર્થીઓને, સિંહ વિશેની વિશેષ માહિતી દર્શાવતી વિડિયો કલીપ બતાવવામાં આવી હતી. જેમાં શાળાના આચાર્યશ્રીઓ અને શિક્ષકોએ પણ ભાગ લીધેલ ત્યારબાદ માધ્યમિક શાળાના આચાર્યશ્રી શૈલેષભાઈ દવેએ 'વિશ્વ સિંહ દિવસ' નું મહત્વ સમજાવતું રસપ્રદ વકતવ્ય આપેલ. ત્યારબાદ ધોરણ ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓએ સિંહના માસ્ક પહેરીને સિંહ જેવા જુસ્સા સાથે જનજાગૃતિનું પ્રશંસનીય કાર્ય કરેલ.

૩. ભાવનગરની પ્રખ્યાત સિલ્વર બેલ્સ સ્કૂલના વિદ્યાર્થીઓ, તેમજ શિક્ષકો સંસ્થાની મુલાકાતે પધારેલ. તેઓએ શાળાના બાળકોને 'રક્ષાબંધન' પર્વ નિમિત્તે ચોકલેટની ભેટ આપેલ. જેના દ્વારા બહેને ભાઈને મીઠું મોં કરાવી શુભેચ્છા પાઠવેલ.

### ૪. પ્રેરક વકતવ્ય



તા.૨૮/૦૮ ના મહાવીર ઓડિટોરીયમમાં શ્રી પીયુષભાઈ પારાશર્યનું વકતવ્ય યોજાયેલ. તેઓ શ્રી મુકુન્દભાઈ પારાશર્ય પુત્ર છે. શ્રી મુકુન્દભાઈ, ધો. ૧૨ના ગુજરાતી પાઠયપુસ્તકના "સૌજન્યશીલ પ્રભાશંકર" કૃતિના લેખક છે. ધો. ૧૧-૧૨ના વિદ્યાર્થીઓને લેખકના પરિચયના અનુસંધાને, શ્રી પીયુષભાઈએ પોતાના લેખક પિતાશ્રી વિષે અને પ્રભાશંકર પટ્ટણી વિશે તલસ્પર્શી માહિતી આપેલ અને વિદ્યાર્થીઓની જિજ્ઞાસાવૃતિ સંતોષેલ. આ સાથે શિક્ષકો પણ ભાવેણાના શાલીન દિવાન સ્વ. સરશ્રી પ્રભાશંકર પટ્ટણી વિષે રસદર્શી પ્રસંગો સાંભળીને ભાવુક થયેલ. વકતવ્ય ના અંતે શ્રી પીયુષભાઈને, વિદ્યાર્થીઓ દ્વારા બનાવેલ મેમેન્ટો શ્રી મફતકાકાએ આપેલ.

### ૫. રાષ્ટ્રીય ખેલ દિવસ

તા. ૨૯/૦૮એ હોકીના જાદુગર ગણાતા ધ્યાનચંદજીનો જન્મદિવસ છે. તેમના માનમાં ભારત આખું આ દિવસને 'ખેલ દિવસ' તરીકે ઉજવે છે. તે સંદર્ભે શાળાના મહાવીર ઓડિટોરિયમમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીનો '**Fit India**' નો કાર્યક્રમની વિડિયોકલીપ ધો. ૫ થી ૧૨ના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને આચાર્યશ્રીઓએ નિહાળેલ. આ '**Fit India**' કાર્યક્રમમાં વિવિધ રમતોનું જીવનમાં રહેલું મહત્વ, રમતોથી તથા ફાયદાઓ, જુની વિસરાઈ જતી રમતો તથા આપણાં સ્વાસ્થ્ય પર તેનાથી થતાં લાભો વગેરે વિષે સમજ હતી.

### ૬. GST વિશેનું માર્ગદર્શન

ધો. ૧૧ અને ૧૨ના (કોમર્સના) વિદ્યાર્થીઓને ભારતમાં નવી શરૂ થયેલી ટેકસ પ્રણાલી GST (Goods & Service Tax) વિષેનાં પ્રકરણ પાઠયપુસ્તકમાં અભ્યાસના ભાગરૂપે આવે છે. GSTના પાયાની સંપૂર્ણ જ્ઞાન મેળવવાની જરૂરિયાત જણાતા, આપણી સંસ્થાના ઈન્ટરનલ ઓડિટરશ્રી હિતેષાબેન દ્વારા જીણવટભરી માહિતી આપી એના SGST, IGST, CGST, UTGST તથા ટેકસના સ્લેબ 0%, 6%, 12%, 18%, 28% તેમજ તેનાથી વેપારીઓને થતા લાભ વગેરે વિશે તલસ્પર્શી માહિતી આપી અને વિદ્યાર્થીઓની સંકલ્પના વિકસાવી કે GST દેશના વિકાસમાં ફાયદાકારક છે, તેની પણ સમજ આપી હતી.

### ૭. શિક્ષકદિનની ઉજવણી

૫ મી સપ્ટેમ્બર એટલે વિદ્વાન ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનનો જન્મદિવસ આ દિવસ સમગ્ર ભારતમાં "શિક્ષકદિન" તરીકે ઈ.સ. ૧૯૬૭ થી ઉજવવામાં આવે છે. શાળામાં આ દિવસની ઉજવણી અનોખી રીતે થઈ. પ્રાર્થનામાં બાળકોએ સૌ પ્રથમ વિદ્યાની દેવી સરસ્વતીમાતાનું પૂજન કર્યુ.



ત્યારબાદ દરેક શિક્ષકોને કંકુ ચોખાનું તિલક કરી, વંદન કર્યા. ધો. ૮ના બાળકો, નર્સરીથી ધોરણ ૭ના વર્ગોમાં શિક્ષક બન્યા, ધોરણ ૧૦ અને ૧૨ના બાળકો ધો. ૯ અને ૧૧માં શિક્ષક બન્યા, ટ્રેનિંગ કોલેજના તાલીમાર્થીઓએ પ્રેરક નાટક રજૂ કર્યુ, ફોક ડાન્સ પણ કર્યો. બાળકોએ ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનની વિડિયો કલીપ નિહાળી. શ્રવણમંદ બાળકોએ દરેક વર્ગોમાં સાઈન લેન્ગવેઝમાં ઉત્તમ શૈક્ષણિક કાર્ય કર્યું. દિવસના અંતે વિદ્યાર્થીઓએ શૈક્ષણિક કાર્ય કરવામાં કેવા અનુભવો થયા તેના વિશે માહિતિ આપી હતી. આખા દિવસના કાર્યક્રમના અંતે તેઓને બોલપેનની ભેટ આપી, પ્રમાણપત્રથી બિરદાવવામાં આવ્યાં હતાં. મંત્રીશ્રી અશ્વિનભાઈએ શિક્ષકો તથા વિદ્યાર્થીઓને પ્રેરક ઉદ્દબોધન કર્યુ હતું. આ પ્રસંગે શ્રી મફતભાઈ, શ્રી જીતુભાઈ તથા શ્રી સુર્યકાન્તભાઈ વગેરે ઉપસ્થિત રહેલ.

૮. Fit India સંદર્ભે શાળા મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયાએ સંસ્થાના પ્રાથમિક, માધ્યમિક અને TTC ત્રણેય વિભાગમાં પ્રેરક વકતવ્ય આપેલ. વિદ્યાર્થીઓ તથા શિક્ષકોને આજીવન સ્વસ્થ રહેવા માટે શારીરિક અને માનસિક કસરતો પોતે કરીને બતાવેલ.



૯. તા. ૧૯/૯/ ના રોજ ગુરૂવારે SVS - 2 અંધશાળા અને SVS - 3 વિશુધ્ધાનંદનું ગણિત - વિજ્ઞાન પ્રદર્શન ગોઠવાયું હતું. ૯ થી ૧૨નાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ આ પ્રદર્શન નિહાળવાની, બાળકોને નવું જોવાની અને જાણવાની ખૂબ જ મજા આવી. "પ્રવૃતિલક્ષી શિક્ષણ એ શિક્ષણનું અનોખું માધ્યમ" બની રહે તે જાણ્યું.

૧૦.મારૂતિ આર્ટ એકેડમી દ્વારા, ચિત્ર સ્પર્ધા - ૨૦૧૯નું આયોજન થયેલ જેમાં આપણી શાળાના પ્રાથમિક અને માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ. જેમાં ભાર્ગવ શિયાળને 'બાળરત્ન એવોર્ડ' થી સન્માનિત કરવામાં આવેલ. કોમલ કિમતાણીને ગોલ્ડ મેડલ, લાલુ મકવાણાને તથા બંસરી ધંધુકિયાને સિલ્વર મેડલ. ભાગ લેનાર દરેક વિદ્યાર્થીને પ્રમાણપત્ર આપવામાં આવેલ. શાળાનું ગૌરવ વધારનાર વિદ્યાર્થીઓને શાળા પરિવાર તરફથી અભિનંદન પાઠવામાં આવેલ.

## ૧૧.વાલી મિટીંગ

તા. ૭/૮ને ના રોજ શાળાના સ્થાનિક બાળકોની વાલી મિટીંગ યોજાયેલ, જેમાં બહોળી સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહેલ. આ મિટીંગનો હેતું શ્રવણમંદ બાળકોના શૈક્ષણિક અને સામાજીક વિકાસ માટે વાલીઓને સાંકળરૂપ કડી બનાવવાનો હતો. આચાર્ય શ્રી ઈલાબેને તથા તજજ્ઞ શ્રી દક્ષાબહેને વાલીઓને આગામી કાર્યક્રમ માટે તૈયાર કર્યા હતા. શ્રી ફાલ્ગુનીબેન મકવાણાએ Signs દ્વારા સમજાવેલ. વાલીઓને ખાસ કરીને શ્રવણમંદ બાળકોની માતાઓને મધર ટ્રેનિંગ લેવા માટે પ્રોત્સાહિત કર્યા હતાં. "એક માતા સો શિક્ષકની ગરજ સારે" એ કહેવત અત્યારના સમયમાં પણ એટલી જ સાચી છે. આથી દરેક માતાઓને ખાસ અનુરોધ કરવામાં આવેલ.

## ૧૨. શાળાનો શૈક્ષણિક પ્રવાસ



તા. ૦૬/૮નાં રોજ નર્સરીથી ધો. ૮ના બાળકો તથા શિક્ષકો બોરતળાવના પ્રવાસે ગયા હતાં. આ વિશિષ્ટ બાળકો જોયેલું અને જાણેલું હંમેશા યાદ રાખે છે. તેઓની આ અવલોકનશકિતને શૈક્ષણિક એકમ દ્વારા, શિક્ષકો જીવંત કરે છે, ભાષા આપે છે.


આ પ્રવાસમાં બાળકોએ બોરતળાવને ખીલેલા રંગમાં જોયું. અદ્યતન રૂપ અપાયેલ આ સ્થળને, વિવિધ રમતો રમી બાળકોએ ગુંજવ્યું હતું. આચાર્યશ્રી ઈલાબહેનના માર્ગદર્શન નીચે પ્રવાસમંત્રી શ્રી લીલાબેન ચૌહાણ તથા રાજેન્દ્રભાઈ પરમારે સમગ્ર જહેમત ઉઠાવેલ.



# સંક્ષિપ્ત સમાચાર

✍ સંતોષ યાદવ

## ટિચર્સ ટ્રેનિંગ કૉલેજ (એચ.આઇ.)



### પ્રવેશ પ્રક્રિયા

વર્ષ ૨૦૧૯-૨૧ના **D. Ed. Spl. Ed. (HI)**માં ૩૦ અને **B. Ed. Spl. Ed. (HI)**માં ૧૬ વિદ્યાર્થીઓના એડમિશન થયા.

### TTCમાં વિદ્યાર્થી કમિટિની સંરચના

વર્ષ ૨૦૧૯-૨૦માં કોલેજની કામગીરી માટે વિદ્યાર્થીઓની ભાગીદારી સાથે એક ફેકલ્ટીના માર્ગદર્શન હેઠળ ટીમની સંરચના કરવામાં આવી છે. જેમાં પ્રાર્થના, સ્ટુડન્ટ વેલફેર, કોલેજની સફાઈ, જર્નલ કલબ, સ્ટુડન્ટ કાઉન્સેલિંગ, ફાઈન કલેકશન, સાંસ્કૃતિક કાર્યક્રમ અને પિકનિક જેવા, કામ માટે ટીમ બનાવી, તેની દર શનિવારે મિટીંગ દ્વારા રિવ્યુ લેવામાં આવે છે.

### જર્નલ કલબ

વિદ્યાર્થીઓમાં પ્રેજન્ટેશનની આવડત વિકસે અને સ્ટેજ ફિયર દૂર થાય, તે હેતુથી યોગ્ય વિષયોની પસંદગી કરીને તે વિષય પર પી.પી.ટી. બનાવીને પ્રેઝન્ટેશન કરવાનું હોય છે. અત્યાર સુધીમાં પાંચ **JC** થઈ ગઈ છે. જે નીચે પ્રમાણે છે.

૧) તારીખ ૨૦/૦૭ ના રોજ પહેલી **JC** ની શરૂઆત કરવામાં આવી, જેમાં કોલેજના લેકચરર શ્રી અજીતભાઈના માર્ગદર્શન હેઠળ, "બાળ વિકાસના સિદ્ધાંતો" પર પ્રેઝન્ટેશન કરવામાં આવ્યુ. જેમાં તાલીમાર્થી શ્રી આત્મારામ અને અમીષાબેને પી.પી.ટી. પ્રેઝન્ટેશન કરેલ છે.

૨) તા.૨૭/૦૭ ના રોજ બીજી **JC** શ્રી મંજૂમેમના માર્ગદર્શન હેઠળ, 'બુધ્ધિની વ્યાખ્યા અને બુધ્ધિના પ્રકારો' વિષય પર પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું. જેમાં તાલીમાર્થી શ્રી આરતી, અમરારામ, અરુણસિંહ દ્વારા પી.પી.ટી. પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું.

3) તા.૦૩/૦૮ના રોજ કોલેજના એચ.ઓ.ડી. શ્રી સંતોષભાઈના માર્ગદર્શન હેઠળ યોજાયેલ. જેમાં "ઈમોશનલ ઈન્ટેલિજન્સ" વિષય પર પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું. જેમાં તાલીમાર્થીઓ શ્રી હસ્તીબેન, ભવાનીભાઈ તથા અનુપાબેને પી.પી.ટી. દ્વારા પ્રેઝન્ટેશન કર્યુ. અનુપાબેને સાઈન લેંગ્વેજમાં સમજાવ્યું.









૪) તા. ૧૦/૦૮ ના રોજ શ્રી દયાબેનના માર્ગદર્શન હેઠળ "વારસો અને વાતાવરણની અસર" વિષય પર પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું. જેમાં તાલીમાર્થીશ્રી સોહનભાઈ, ભાવનાબેન અને મૂકેશભાઈએ **PPT** દ્વારા પ્રેઝન્ટેશન કર્યુ.

## વિઝિટ

નવા પ્રવેશ પામેલા તાલીમાર્થીઓને વિવિધ સંસ્થાઓનો પરિચય થાય, તે હેતુથી સામાન્ય શાળાઓ, ઘરશાળા, વિશુધ્ધાનંદની મુલાકાત તા.૨૮/૦૭/૨૦૧૯ થી તા.૧/૦૮/૨૦૧૯ સુધી કરાવી. ત્યારબાદ વિદ્યાર્થીઓને દિવ્યાંગતાના વિવિધ ક્ષેત્રના કાર્યો વિશે વધુ જાણવા મળે તે માટે કે.એલ. ઈન્સ્ટીટયૂટ, તેમજ તેની સાથે જોડાયેલાં વિવિધ વિભાગો, અંકુર મંદબુધ્ધિના બાળકોની શાળા, સી.પી. સ્કૂલ, હાઈટેક સ્કૂલની વિઝિટ કરવામાં આવી.

## ઓડિયો અને સ્પીચના એક્સટર્નલ વાઈવા



**D.Ed Spl. Ed. (HI)** ૨૦૧૭ -૧૮ના કુલ ૧૮ તાલીમાર્થીઓના **RCI-AYJNISHD**. મુંબઈ ખાતે નિયુકત થયેલ એકસટર્નલ એકઝામિનર શ્રી હેંમતકુમાર પટેલ, શ્રી જિગ્નેશભાઈ ઠકકર અને ઈન્ટરર્નલ એકઝામિનર શ્રી અનિલકુમાર સિંહ દ્વારા તા. ૩૦ જુલાઈ થી ર ઓગસ્ટ ૨૦૧૯ સુધી વાઈવા લેવામાં આવ્યાં હતાં.

## ઇન્ટર્નશીપ

બી.એડ.સ્પેશ્યલ એજયુકેશન (એચ.આઈ.) બેન્ચ ૨૦૧૮-૨૦ની બેચની ઈન્ટર્નશીપ પી.એન.આર. સોસાયટીની સ્પેશયલ સ્કૂલોમાં યોજાય. જેમાં વિકલાંગતાઓ ધરાવતી શાળા જેવી કે કે.એલ. ઈન્સ્ટીટયૂટ, અંકુર શાળા અને સી.પી. શાળા તેમજ હાઈટેક શાળામાં તાલીમાર્થીઓને એક-એક મહિના માટે ભણાવાનો અનુભવ લીધો હતો.

## પિકનીક

તા. ૬/૮ ના રોજ શાળાના બાળકો સાથે, ટ્રેનિંગ કોલેજના તાલીમાર્થીઓની પિકનીકનું આયોજન કરવામાં આવેલ. જેમાં બોરતળાવની પ્રકૃતિનો આનંદ લીધો હતો.

## ૧૫મી ઓગસ્ટ અને રક્ષાબંધનની ઉજવણી

સ્વાતંત્ર દિનની ઉજવણી શાળાના મેદાનમાં કરવામાં આવી. સ્વાતંત્ર દિનની ઉજવણીની સાથે સાથે રક્ષાબંધનની પણ ઉજવણી કરવામાં આવેલ છે. જેમાં સંસ્થાના મંત્રીશ્રી અશ્વિનભાઈ અને ઓ. એસ. શ્રી સુર્યકાંતભાઈએ હાજરી આપી પ્રોત્સાહિત કર્યા હતાં. તેમજ મંત્રીશ્રીને રાખડી બાંધી હતી અને વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું.



## D.Ed Spl. (HI) વર્ષ ૨૦૧૭ - ૧૯ની ઇન્ટર્નશીપ

**D.Ed Spl. Edu (HI)**ના વર્ષ ૨૦૧૭-૨૦૧૯ના તાલીમાર્થીઓ હિન્દી માધ્યમની શાળામાં લેસન લેવા જોધપુર (રાજસ્થાન) મુકામે 'અજયલીલા નેત્ર વિકાસ સંસ્થાન' માં તા. ૦૪/૦૮/૨૦૧૯ થી તા. ૧૩/૦૮/૨૦૧૯ સુધી ગયા. જેમાં ૧૬ તાલીમાર્થીઓ અને બે શિક્ષિકો શ્રી મંજુબેન યાદવ અને શ્રી અજીતભાઈ સાથે ગયેલ. ત્યાં તે સંસ્થાના મંત્રીશ્રી સુશીલાબેન અને પ્રાથમિક શાળાના આચાર્ય શ્રી હેમાબેને તાલીમાર્થીઓને સારી રીતે પ્રોત્સાહિત કર્યા અને શાળામાં લેસન લેવા માટે સહકાર આપ્યો.

## જન્માષ્ટમી ઉત્સવની ઉજવણી

તા. ૨૪/૦૮ ના રોજ **K. L. INSTITUTE FOR THE DEAF** ના પ્રાંગણમાં, ટીચર્સ ટ્રેનિંગ કોલેજના તાલીમાર્થીઓ દ્વારા જન્માષ્ટમી ઉત્સવ અને દહીં હાંડી કાર્યક્રમ ઉજવવામાં આવ્યો. આ કાર્યક્રમમાં સંસ્થાના ટ્રસ્ટીશ્રી અશ્વિનભાઈ પંડયા, શ્રી મનસુખભાઈ, ગૃહમાતા શ્રી સ્નેહલબેન, શ્રી રાજુભાઈ પટેલ, શ્રી અનિલકુમાર સિંહ તથા ટીટીસી કોલેજના એચ.ઓ.ડી. શ્રી સંતોષભાઈ તથા સ્ટાફગણ હાજર રહયા. ટીચર્સ ટ્રેનિંગ કોલેજના ડી.એડ. અને બી.એડ. વિશેષ શિક્ષાના તાલીમાર્થીઓ પણ હાજર રહયા અને કાર્યક્રમ ઉજવ્યો. કાર્યક્રમમાં અભિવાદન બાદ શ્રી કૃષ્ણ જન્મ કરવામાં આવ્યો અને ત્યારબાદ બાલગોપાલની આરતી ઉતારવામાં આવી અને ટીટીસીના તાલીમાર્થીઓએ ગરબા ગાયા અને ત્યાર બાદ 'દહીં હાંડી' ઉત્સવ ઉજવવામાં આવ્યો.



# સંક્ષિપ્ત સમાચાર

✍ વિપુલ જેઠવા



## શ્રીમતી પ્રભાકુંવરબેન રતિલાલ વાઘર આર્ટિફિશીયલ લિમ્બ સેન્ટર

✚ માહે એપ્રિલ થી જુલાઈ '૧૯ દરમ્યાન કુલ ૧૯ની બ્રેસના કેમ્પ કરવામાં આવેલ હતા જેમાં બેંગલોર (ર), મૈસુર (ર), પુના (ર),ઈચલકરંજી, સીરસી (ર), જાલંધર (ર), નાસિક, મુંબઈ, પુના, જયપુર, હનુમાનગઢ, કલકત્તા, હૈદ્રાબાદ મુકામે કેમ્પો કરવામાં આવેલ હતાં. જેમાં કુલ મળીને આશરે ૮૯૦ લાભાર્થીઓને કુલ ૧૭૮૫ જેટલી ની બ્રેસ પુરી પાડવામાં આવેલ હતી. જેમાં ની બ્રેસના ઉપયોગ થી ની રીપ્લેસમેન્ટની જરૂરીયાત રહેતી નથી અને દર્દીને ઘુંટણના દુઃખાવામાં રાહત રહે છે.

✚ જયારે ભાવનગરમાં માહે એપ્રિલ થી જુલાઈ '૧૯ દરમ્યાન કુલ ર૩૦ જેટલા લાભાર્થીઓને તપાસવામાં આવેલ છે. જેમાં લાભાર્થીઓને આશરે ૧૯૦ જેટલા જુદા-જુદા સાધનો જેવા કે, આર્ટી હેન્ડ,આર્ટી લેગ, વાલગસ પેડ, એલ.એસ. બેલ્ટ, નીબ્રેસ, વિગેરે સાધનો પુરા પાડેલ છે. તેમજ જરૂરિયાતમંદ દર્દીઓને સર્વાઈકલ કોલર, ફકત ટોકન પેમેન્ટ થી પુરું પાડવામાં આવેલ હતાં.

✚ માહે જુન ૧૯માં સારીગામ (વાપી) મુકામે કૃત્રિમ હાથ પગ, તેમજ કેલીપર અને અન્ય સાધનોનો કેમ્પ સંસ્થાના પી. એન્ડ ઓ. શ્રી વિપુલભાઈ જેઠવા તથા શ્રીમતિ કાજલબેન બોરડ (પૂર્વ પી.એન્ડ ઓ.) દ્વારા કરવામાં આવેલ,જેમાં કુલ ૪ર જરૂરિયાતમંદ દિવ્યાંગોને આશરે ૪૫ જેટલા જુદા જુદા સાધનો પુરા પાડવામાં આવેલ.

જેમાં આયોજકોએ આર્થિક તેમજ પોતે સહ કુટુંબ હાજર રહી, ઉત્કૃષ્ટ સેવા પુરી પાડેલ હતી. તેમજ સંસ્થાના ટ્રસ્ટી શ્રી જીતુભાઈ શાહે રૂબરૂ હાજર રહી ખૂબજ જહેમત ઉઠાવી હતી. દિવ્યાંગ વ્યકિતઓએ કૃત્રિમ સાધનો પહેરીને આપેલ પ્રતિભાવથી, સર્વે ગદ્ગદિત થઈ ગયેલ હતાં.



# સંક્ષિપ્ત સમાચાર

✍ સ્નેહાબેન જોષી



## કે. એલ. છાત્રાલય તથા ચંદાબેન મોહનભાઈ પટેલ છાત્રાલય

૧. આ વર્ષે કન્યા છાત્રાલયની બાળાઓ દ્વારા કલાત્મક રાખડી બનાવવાનો પ્રોજેકટ થયેલ. આ સુંદર રાખડીઓનું વેચાણ શિવશકિત હોલમાં રાજવી ક્રિએશનના સ્ટોલમાં રાખેલ, જેનો સુંદર પ્રતિસાદ મળેલ. ઉપરાંત છાત્રાલય વિભાગમાં પણ તેનાં વેચાણનું આયોજન થયેલ.

ર. સ્વ. શ્રી વિશ્રમ જે. રાઠોડના સ્મરણાર્થે છાત્રાલયના બાળકો માટે નાની ૫૦ નંગ ખુરશી ભેટમાં આવેલ છે. જેમાં બાળકોને શનિ-રવિમાં સંગીત ખુરશીની રમત રમવાની મજા પડેલ.

૩. તા. ૧૫/૮ ના રોજ રક્ષાબંધનના પર્વની છાત્રાલયમાં બાળકો દ્વારા સ્નેહસભર ઉજવણી કરવામાં આવેલ છાત્રાલયની છોકરીઓએ બધા છોકરાઓને રાખડી બાંધી અને ચોકલેટ - પેંડાથી મોં મીઠું કરાવેલ. શ્રીમતિ ચંદાબેન એમ. પટેલ છાત્રાલય માં પણ ધો. ૯ થી ૧રની વિદ્યાર્થીનીઓએ, ત્યાં રહેતા છોકરાઓને પોતે બનાવેલ રાખડી બાંધી મીઠું- મોં કરાવેલ. આ છાત્રાલયના વિદ્યાર્થીઓએ બહેનોને ડાઈનિંગ હોલમાં બેસાડી, પોતાના હસ્તે મિષ્ટાન્ન ભોજન પીરસેલ. આ પ્રસંગે સંસ્થાના મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયા, શ્રી મીતાબહેન, સુર્યકાંતભાઈ ચાવડા ઉપસ્થિત રહેલ. આ તહેવાર નિમિત્તે બ્રહ્માકુમારી વિશ્વવિદ્યાલય દ્વારા, વિદ્યાર્થીઓને ભગવાન શિવના મહિમા વિશે વકતવ્ય આપેલ અને દરેક વિદ્યાર્થીને રક્ષા બાંધી આર્શીવાદ પાઠવવામાં આવેલ. રક્ષાબંધનના તહેવાર નિમિત્તે શ્રી નૈતિકભાઈ જગતભાઈ તરફથી મિષ્ટાન્ન ભોજન આપવામાં આવેલ.

૪. વીર માંધાંતા કોળી સમાજ સંગઠનના અધ્યક્ષના પુત્ર શ્રી બ્રિજરાજ સોલંકીના જન્મદિવસે, છાત્રાલયના બાળકો સાથે કેક કાપીને ઉજવણી કરાઈ હતી. બાળકોને 'નોટ' ની ભેટ આપવામાં આવેલ.

૫. ઈસ્કોન કલબ ગૃપ દ્વારા છાત્રાલયના બાળકોને દાંડીયારાસના અવનવા સ્ટેપ શીખવવાનું આયોજન બે દિવસ શનિ-રવિ કરવામાં આવેલ. બાળકોએ તેમાં ઉત્સાહથી ભાગ લીધેલ.

૬. તા. ૧૬/૮ ના રોજ છાત્રાલય વિભાગમાં શ્રી અને શ્રીમતિ વિમળાલક્ષ્મી રમણલાલ ઓ સંઘવી સ્ટાફ વેલફેર કોપર્સ ફંડમાંથી સંસ્થામાં કાર્યરત કુલ ૪૯ પ્રત્યેક જરૂરિયાતમંદ કર્મચારીઓને ૧૫ કિ.ગ્રા. ખાંડ આપવામાં આવેલ. આ કાર્યક્રમમાં શાળાના મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયા, ખજાનચીશ્રી જીતુભાઈ શાહ, છાત્રાલય વિભાગના ચેરમેન શ્રી મીતાબેન ઓઝા, આચાર્યશ્રી ઈલાબેન મજમુદારના વરદ્ હસ્તે ખાંડનું વિતરણ કરવામાં આવેલ. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન સંસ્થાના વેલફેર ઓફિસર શ્રી બિન્દીબહેન ત્રિવેદીએ કરેલ.



# સંક્ષિપ્ત સમાચાર

✍ નેહલ ગઢવી



## 'અંકુર' મંદબુદ્ધિવાળાં બાળકોની વિશિષ્ટ શાળા

### સ્વાતંત્ર્ય પર્વ



તા. ૧૫/૮ ના રોજ અંકુર શાળા ખાતે ૭૩માં સ્વાતંત્ર્ય પર્વની પૂરા આન બાન અને શાનની સાથે ઉજવણી કરવામાં આવેલ. ભાવનગર શહેરની જાણિતી કલબ રોટરી રોયલના પ્રમુખશ્રી હિરેનભાઈ પારેખના વરદ હસ્તે ધ્વજવંદન યોજાયેલ. આ પ્રસંગે રોટરી રોયલના સભ્યશ્રીઓ, સંસ્થાનાં ટ્રસ્ટીગણ, કર્મચારીગણ, ટ્રેઈનિંગ કોલેજના તાલીમાર્થીઓ, વાલીઓ તથા બાળકો ઉપસ્થિત રહેલ. ધ્વજવંદન વિધિ શાળાના શિક્ષક શ્રી હરદીપભાઈ કામળિયાએ કરાવેલ. કાર્યક્રમનું સંચાલન શ્રી ક્રિષ્નાબેન રૂપેરાએ તથા આભારવિધિ શ્રી પારસભાઈ પરમારે કરેલ. સમગ્ર કાર્યક્રમનું સંકલન આચાર્ય શ્રી મેઘજીખાન સાયબાણીએ કરેલ.

### રક્ષાબંધન



તા. ૧૫/૦૮ ના રોજ આમંત્રિત મહેમાનો, બાળકો તથા સ્ટાફ દ્વારા રક્ષાપર્વની ઉજવણી કરવામાં આવેલ. કાર્યક્રમની શરૂઆત શાળાની વિદ્યાર્થીની શ્રી જાનકી મહેતાના સુંદર શ્લોકગાન દ્વારા કરવામાં આવેલ. ત્યારબાદ શાળાના માનદ્ ટ્રેઝરર શ્રી દેવલભાઈ શાહ દ્વારા મહેમાનોનું શાબ્દિક તેમજ સ્મૃતિભેટથી અભિવાદન કરાયેલ. શાળાની મંદબુધ્ધિ વિદ્યાર્થીનીઓ દ્વારા મહેમાનો, ટ્રસ્ટીશ્રીઓ તથા શિક્ષકોને તિલક કરી, રાખડી બાંધી મોં મીઠું કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં શ્રી હિરેનભાઈ પારેખ પ્રમુખ - રોટરી રોયલ કલબ તેમજ રોટરી રોયલનાં સભ્યશ્રીઓ, શાળાના ટ્રસ્ટીશ્રીઓ ઉપસ્થિત રહેલ. કાર્યક્રમનું સંચાલન શ્રી ક્રિષ્નાબેન રૂપેરાએ અને આભારવિધિ શ્રી પારસભાઈ પરમારે કરેલ.

### પ્રજ્ઞા પ્રોજેક્ટ



તા. ૧૯/૦૮ ના રોજ સરદારનગર સ્થિત શ્રી સરદારસિંહ રાણા પ્રાથમિક શાળા ખાતે કાર્યરત "પ્રજ્ઞા પ્રોજેક્ટ"ની શાળાના શૈક્ષિણક સ્ટાફે મુલાકાત લીધેલ. તેમજ પ્રજ્ઞા અભિગમ અંતર્ગત બાળકોને કઈ પધ્ધતિ તથા કયા પ્રકારના શૈક્ષણિક સાધનો દ્વારા તાલીમ આપવામાં આવે છે, તે અંગેની જાણકારી મેળવેલ.

### કૃષ્ણ જન્મોત્સવ

શાળામાં તા. ૨૧/૦૮ના રોજ, હર્ષોલ્લાસ ભર્યા વાતાવરણમાં કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી કરવામાં આવેલ . શાળાની વિદ્યાર્થીની કું. મિનલ રાઠોડે "જન્માષ્ટમી" તથા કૃષ્ણ જન્મોત્સવ અંગે વાત કરેલ. સંસ્થાના માનદ્ ટ્રેઝરર શ્રી દેવલભાઈ શાહ દ્વારા મહેમાનોનું શાબ્દિક તથા સ્મૃતિભેટ થી અભિવાદન કરવામાં આવેલ. ત્યારબાદ શાળાના બાળકો દ્વારા મટકી ફોડ નો સુંદર કાર્યક્રમ રજૂ કરવામાં આવેલ. મહેમાનો, ટ્રસ્ટીશ્રીઓ તથા સ્ટાફ અને વાલીઓ દ્વારા કૃષ્ણને ઝુલા ઝુલાવવામાં આવેલ તથા તમામે સુંદર રાસ રમેલ. આ પ્રસંગે મહેમાન તરીકે શ્રી નિલેષભાઈ પટેલ (માધવ કોપર) ઉપસ્થિત રહેલ. તેમજ શેઠ બ્રધર્સ પરિવાર તથા વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશનના પ્રમુખશ્રી, સભ્યશ્રીઓ તથા શાળાના ટ્રસ્ટીશ્રીઓ હાજર રહેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન નેહલબેન ગઢવીએ તથા આભારવિધિ શ્રી જયપાલસિંહ ગોહિલે કરેલ. સમગ્ર કાર્યક્રમ શાળાના આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણીના માર્ગદર્શન હેઠળ સંપન્ન થયેલ.

# તસ્વીર સમાચાર

બી.કે. પારેખ પાર્કિન્સન્સ સપોર્ટ ગ્રૂપ મુંબઈ અંતર્ગત રવિવાર અને ગુરૂવારે ફિઝીયોથેરાપીની કસરતો શીખવવામાં આવે છે. જીવન માટે હકારાત્મક અભિગમ કેળવી, કેરમ રમતા પાર્કિન્સન્સના દર્દીઓ.



## ભાવનગર પાર્કિન્સન્સ સપોર્ટ ગ્રૂપ

બી.કે. પારેખ પર્કિન્સન્સ (કંપવા)ના દર્દીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલ રાખડીઓથી, આપણા દેશનો રાષ્ટ્રધ્વજ તૈયાર કરવામાં આવેલ અને ધ્વજવંદન કરેલ. આમ, રક્ષાબંધન અને સ્વાતંત્ર દિન બંને પર્વની ઉજવણી સાથે કરવામાં આવેલ.





પી.એન.આર. સોસાયટી તરફથી, વેળાવદરના મીઠાપર ગામમાં ભારે વરસાદથી પાણી આવીજતા, ગામના મંત્રી અને ભાવનગર જિલ્લા પંચાયતના અધિકારીશ્રીને ૨૫૦ ફૂડ પેકેટ અર્પણ કરી સેવાનું કાર્ય કરાયેલ.

ઓટીઝમ પ્રોજેક્ટનાં વિદ્યાર્થી શ્રી યશ દેવાંગભાઈ ભાવસારે, Dr.Subhramayee Rath દ્વારા, ચલાવતા, My Gems Worls મોટીવેશન ગ્રુપ દ્વારા, યોજાયેલી ફોટોગ્રાફી સ્પર્ધા તેનો ફોટો પસંદગી પામતા તેને ગોલ્ડ મેડલ અને સર્ટીફીકેટ મળેલ છે. ખૂબ ખૂબ અભિનંદન!





તા. ૧૯/૯/ ના રોજ, મુંબઈથી શ્રી ધિરેનભાઈ મહેતા અને નિખીલભાઈ મહેતા, સંસ્થાના વિવિધ વિભાગોની વિઝીટ માટે આવેલ. તેઓને ખાસ હેતુ એ હતો કે 'તળાજા તાલુકાના સથરા ગામે, નવેમ્બર મહિનામાં કેટરેક્ટ કેમ્પ પી.એન.આર. દ્વારા કરવો.' તેના અનુસંધાને તેઓએ ટ્રસ્ટીશ્રીઓ સાથે મીટિંગ કરેલ. તેઓ સંસ્થાની પ્રવૃતિ જોઈને ખૂબજ પ્રભાવિત થયેલ. સાથે સંસ્થાની સ્વચ્છતાના પણ ભારોભાર વખાણ કરેલ.



તા. ૨૩/૯ અને તા. ૨૪/૯ ના રોજ શ્રી પ્રકાશભાઈ દેસાઈ (સહ મંત્રી, મુંબઈ)ના મિત્રો, મુંબઈથી સર્વ શ્રી કનુભાઈ શાહ, શ્રી શ્રેણિકભાઈ શાહ અને શ્રી સતીષભાઈ મહેતા આવેલ. તેમને સંસ્થાના જુદા-જુદા વિભાગોની મુલાકાત લીધેલ. વિકલાંગ વિદ્યાર્થીઓને જોઈને ગદગદિત થયેલ. તેમની પાછળ તનતોડ મહેનત કરતાં શિક્ષકોની ખૂબજ અમુલ્ય સેવા છે, તેવો તેમના પ્રતિભાવ હતો.



નટરાજ સી.પી. સ્કુલના શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓ સાથે મળીને માટી માંથી ઈકોફ્રેન્ડલી ગણેશજીની મૂર્તી બનાવેલ.

જીલ દેસાઈ ઓટિઝમ પ્રોજેક્ટનો સ્પેશ્યલ સ્ટુડન્ટ, હાઈટેક પ્રાયમરી સ્કૂલના ધો. ૨(બે)ના કલાસરૂમમાં થતી પ્રવૃત્તિમાં ભાગ લઈ રહયો છે.





# શ્રીમતી રેખાબેન હર્ષદભાઈ શેઠ (ગલીયાકોટવાળા) ને શ્રધ્ધાંજલી









પી.એન.આર. સોસાયટી અને તેની સંલિગ્નત સંસ્થાઓના દાતા પરિવારના સભ્ય શ્રીમતી રેખાબેન હર્ષદભાઈ શેઠ (ગલીયાકોટવાળા) નું મુંબઈ મુકામે દુઃખદ અવસાન થતાં, તા. ૧૦-૧૦-૧૯ ના રોજ નટરાજ કોલેજ, ભાવનગરના ઓડિટોરિયમમાં તેમની પ્રાર્થના સભા યોજવામાં આવેલ. આ પ્રસંગે ભજન, પ્રાર્થના વિગરે સર્વશ્રી ડો. ભાવનાબેન અંધારિયા, શ્રી જયોતિબેન પરમાર, શ્રી જીજ્ઞાબેન સોલંકી, શ્રી ભાર્ગવભાઈ જોષી, શ્રી દક્ષાબેન પંડયાએ રજૂ કરેલ. આ પ્રસંગે સર્વ શ્રી લાભુભાઈ સોનાણી તથા શ્રી બાબાભાઈએ સદ્ગત અને તેમના પરિવારની સંસ્થા સાથેની સ્મૃતિઓ તાજી કરી શ્રધ્ધાંજલી આપેલ. શોક ઠરાવનું વાંચન માનદ્ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડે કરેલ અને કાર્યક્રમનું સંચાલન શિક્ષકશ્રી ખેવનાબેન ઓઝાએ કરેલ. આ પ્રસંગે પી.એન.આર. સોસાયટી, સી.પી.સ્કૂલ, લોઢાવાળા હોસ્પિટલ, શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉધોગ શાળા, અંકુર મંદબુધ્ધિવાળાં બાળકોની શાળા, શ્રી શાહ કે. એલ. બહેરા-મૂંગા શાળાના ટ્રસ્ટીગણ, હોદ્દેદારો તથા તમામ કર્મચારીગણ ઉપસ્થિત રહી, સદ્ગતના આત્માને બે મિનીટ મૌન પાળી શ્રધ્ધાંજલી આપેલ.

## તસ્વીર સમાચાર



ઇન્કલ્યુઝીવ એજ્યુકેશન અંતર્ગત, વિકાસ પ્રોજેકટનો વિધાર્થી ભોજાણી મહેન્દી હસન ધો.૯ (નવ)માં હાઈટેક હાઈસ્કૂલમાં તેના કલાસમેટ સાથે લાઈબ્રેરીમાં રીડિંગ એકટીવીટીમાં વ્યસ્ત છે.



PNR
HOPE 4 ALL

## P. N. R. SOCIETY

### 80-G

| | |
|---|---|
| Shri B.K.Parekh Parkinson's Disease & Movment Disorder Society-Mahuva | 68,000 |
| Shri Kanaiyalal Damodardas Padia-Bhavnagar | 2,500 |
| Shri Pratipalsinh Rana-Bhavnagar | 1,000 |
| Shri Shashikalaben Dhandhukiya-Bhavnagar | 1,212 |
| Shri Lions Club Bhavnagar (West)-Bhavnagar | 2,100 |
| Shri Anantrai A.Shah-Bhavnagar | 1,000 |
| Shri Rekhaben A.Mehta-Bhavnagar | 25,000 |
| Shri Db Sys Online-Mumbai | 10,001 |
| M/s Hind Corporation-Mumbai | 51,000 |
| Shri New Era Charitable Foundation-Mumbai | 11,000 |
| Shri Jignaben Nitinbhai Solanki-Bhavnagar | 2,500 |
| Smt.J.M.Kachhadiya Leuva Patel Kanya Chhat.-Rajkot | 65,920 |
| Shri Dr. R. B. Thorat- Bhavnagar | 40,000 |
| Shri Dr. Jaldeep Jivani-Bhavnagar | 7,000 |
| Shri Patel Seva Samaj Edu. Vikas Samity-Rajkot | 32,000 |
| M/s Nikeon Corporation-Mumbai | 11,000 |
| Shri Dilipkumar Prabhudas Shah-Bhavnagar | 2,501 |
| Shri M.K.Sheth Charity Trust-Mumbai | 30,000 |
| Shri Amiben Hardikbhai Doshi-Bhavnagar | 5,000 |
| Shri Shreyas Pracharak Sabha-Mumbai | 50,000 |
| Shri Sanjaybhai N.Shah-Bhavnagar | 1,001 |
| Shri Nergish Darius Vesavewala-Mumbai | 15,000 |
| Shri Kalpana Arvindbhai Ganatra-Pune | 11,000 |
| Shri Mehta Prabodhbhai Shantilal-Mumbai | 1,11,111 |
| Shri Krishna Enterprises-Mumbai | 1,00,000 |
| Shri Kanaiyalal Hargovinddas Bhatt-Bhavnagar | 2,500 |

### FCRA

| | |
|---|---|
| he Dalal Family Foundation Inc.-U.S.A. | 13,17,880 |
| Heart & Hand For The Handicapped-U.S.A. | 5,54,861 |

## K. L. INSTITUTE FOR THE DEAF - TRUST

| | |
|---|---|
| Shri Karimkhan U. Pathan-Bhavnagar | 80000 |
| Shri 1 Vaishnav-Bhavnagar | 2300 |
| Shri Rasiklal Chhaganlal Salot-Palitana | 5000 |
| Late Smt. Lataben Mahipatray Shah-Mumbai | 10000 |
| Shri Chokshi Jayesh Govinddas-Mumbai | 1100 |
| Shri Mayurbhai Patil-Bhavnagar | 7000 |
| Shri Nikhil Satyanarayan Vyas-Bhavnagar | 2100 |
| Shri Vanlilaben Chandubhai Shah-Mumbai | 2500 |
| Shri Kamleshbhai R.Sheth (Sheth Brothers)-Bhavnagar | 2000 |
| Shri Kamleshbhai R.Sheth (Sheth Brothers)-Bhavnagar | 2000 |
| Shri Sheth Ratanji & Jivandas Chari. Trust-Mumbai | 600000 |
| Shri Shah Yashvantkumar Ichhalal-Bhavnagar | 50000 |
| Shri C.C. Anandpara (H.U.F.)-Mumbai | 25000 |
| Shri Excel Crop Care Limited-Bhavnagar | 10000 |
| Shri U. Yugdiwakar Dharmsuri M.S.-Bhavnagar | 10000 |
| Shri Neepa Usha Clinic-Junagadh | 2500 |
| Shri Ganeshbhai Zaverbhai Patel-Bhavnagar | 7500 |
| Shri Chetanbhai Khantilal Shah-Bhavnagar | 9000 |
| Shri Hareshbhai Jayantilal-Bhavnagar | 5500 |
| Shri Kamleshbhai R.Sheth (Sheth Brothers)-Bhavnagar | 2000 |
| Shri Kamleshbhai R.Sheth (Sheth Brothers)-Bhavnagar | 2000 |
| Shri Henaliben Nareshbhai Patel-Bhavnagar | 30000 |
| Shri Dilipkumar Jamnadas Sheth-Bhavnagar | 5000 |
| Shri Hareshkumar Mahipatray Mehta-Bhavnagar | 7500 |
| Shri Jayshreeben Nareshbhai Kikani-Bhavnagar | 7500 |
| Shri Bharatkumar Kantilal-Bhavnagar | 5000 |
| Shri Hareshkumar Jayantilal-Bhavnagar | 5000 |
| Shri Dharmendra Haribhai-Bhavnagar | 5000 |
| Shri Harshadbhai J Shah-Bhavnagar | 5000 |
| Shri Maheshkumar Jamnadas-Bhavnagar | 7500 |
| Shri Hiteshbhai Icchalal-Bhavnagar | 5000 |
| Shri Bhanumati Natwarlal Shah-Mumbai | 5000 |
| Shri Natwarlal Nagardas Shah-Mumbai | 5000 |
| Shri Dhirenbhai B Shah-Mumbai | 5000 |
| Shri Sadhnaben D Shah-Mumbai | 5000 |
| Shri Viralbhai N Mithani-Mumbai | 5000 |
| Shri Rajulben V Mithani-Mumbai | 5000 |
| Shri Mayuriben H Doshi-Mumbai | 5000 |
| Shri Sidharth H Doshi-Mumbai | 5000 |
| Shri Himanshu B Doshi-Mumbai | 5000 |
| Shri Neha M Doshi-Mumbai | 1000 |
| Shri Rajvi M Doshi-Mumbai | 1000 |
| Shri Viral V Mithani-Mumbai | 1000 |
| Shri Arpit D Shah-Mumbai | 1000 |
| Shri Hardik D Shah-Mumbai | 1000 |
| Shri Niranjanaben J Kukadiya-Bhavnagar | 3000 |
| Shri Chem Intel-Mumbai | 5000 |
| Lt. Nirmalsinh (Hiteshbhai) S Gohil-Bhavnagar | 1000 |
| Shri Jitubhai Savjibhai Vaghani-Bhavnagar | 13400 |
| Shri Kamleshbhai Bhatt-Bhavnagar | 4000 |
| Shri Satbhama Teckchand Charitable Trust-Mumbai | 100000 |
| Shri Vijaybhai B Khesti-Bhavnagar | 1000 |
| Shri Akilbhai Salimbhai Daraiya-Bhavnagar | 9000 |
| Shri Rajubhai Kanabhai Kantariya-Bhavnagar | 9000 |
| Shri Mansukhbhai Dudhabhai Dhapa-Bhavnagar | 9000 |
| Shri Rameshbhai Dudhabhai Dhapa-Bhavnagar | 9000 |
| Shri Kanabhai Valjibhai Kantariya-Bhavnagar | 9000 |
| Shri Salimbhai Rasulbhai Daraiya-Bhavnagar | 9000 |
| Shri Altafbhai Rasulbhai Daraiya-Bhavnagar | 9000 |
| Shri Sahilbhai Salimbhai Daraiya-Bhavnagar | 9000 |
| Shri Nanjibhai Lavjibhai Karmatiya-Bhavnagar | 9000 |
| Shri Arifbhai Rasulbhai Daraiya-Bhavnagar | 9000 |
| Shri Imran Abbasbhai Daraiya-Bhavnagar | 10000 |
| Lt. Shri Jigarbhai D Shah-Bhavnagar | 5000 |
| Shri Manavantray Jaysukhray Mehta-Bhavnagar | 5000 |
| Shri Milan Chandkantbhai Vyas-Bhavnagar | 3840 |
| Shri Manvantray Jaysukhray Mehta-Bhavnagar | 1100 |
| Shri Radhekrishna Satsang Mandal-Bhavnagar | 7530 |
| Shri Niteshkumar B Joshi-Pandarwada | 2000 |
| Shri Divyaben R Barad-Bhavnagar | 3000 |
| Shri Bhavnaben Prakashbhai Rathod-Bhavnagar | 4000 |
| Shri Maheshchandra Bhanushankar-Bhavnagar | 3300 |
| Shri Bhagirathbhai Baxi-Bhavnagar | 1500 |
| Shri Sushilaben Chunilal Shah-Bhavnagar | 12000 |
| Shri Anjuben Mavjibhai Lakhani-Bhavnagar | 11000 |
| Shri Bhanumatiben Balkrishna Bhatt-Mumbai | 20000 |
| Shri Snehaben S Joshi-Bhavnagar | 2500 |
| Lt. Jayaben Chunibhai Memory-Bhavnagar | 3200 |
| Shri Bhagwandas T Doshi-Mumbai | 51000 |
| Shri Nisarg Shah-Bhavnagar | 10000 |
| Shri Navinchandra Amrutlal Shah-Bhavnagar | 1001 |
| Shri Jitendra Champaklal Mehta-Bhavnagar | 1500 |
| Shri Rupaben Rajnikant Kothari-Gandhinagar | 11500 |
| Shri Sonal Pranav Mehta-Mumbai | 4000 |
| Shri Pranav Hrushikesh Mehta-Mumbai | 15000 |

## ANKUR SPECIAL SCHOOL FOR M. R. CHILDREN

| | |
|---|---|
| Shri Chiragbhai Kishorbhai Mayad-Keshod | 7000 |
| Shri Kirankumar Ramchandra & Ruchitaben Jani-Bhavnagar | 150000 |
| Shri Rotary Royal Club of Bhavnagar-Bhavnagar | 16600 |
| Shri Excel Crop Care Limited-Bhavnagar | 25000 |
| Shri Vallabh Yuth Organisation V.Y.O.-Bhavnagar | 5000 |
| Shri Gordhanbhai M. Vegad-Surat | 5000 |
| Shri Kamleshbhai Sheth & Shri Varshaben K. Sheth-Bhavnagar | 4000 |
| Shri Maniyar Dharm Nandishbhai-Bhavnagar | 1000 |
| Shri Samirbhai Parshottamdas Thakkar-Bhavnagar | 25000 |
| Shri Tusharbhai Arvindbhai Jani-Bhavnagar | 1000 |
| Late. Shri Nitinchandra Jayantilal Shah-Bhavnagar | 1001 |
| Late. Hasumatiben J. Parmar-Bhavnagar | 2101 |
| Shri Balvantrai Laxmishankar Joshi-Bhavnagar | 1000 |
| Shri Vaishnav Family-Bhavnagar | 2500 |
| Shri Vivekbhai Shah-Bhavnagar | 10000 |
| Smt. Nimishaben Devalbhai Shah-Bhavnagar | 5000 |

## ઓછી ઉંચાઈ ધરાવતા ડોક્ટર (ગિનીસ વર્લ્ડ રેકોર્ડ)



ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના, ગોરખી ગામના ગણેશ બારૈયાને ઓછી ઊંચાઈ ધરાવતા ડોક્ટર તરીકે ગિનીસ બૂક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મળ્યું. ગણેશ બારૈયા માત્ર ત્રણ ફુટના છે. ગણેશભાઈના પિતા ખેતી કામ કરે છે. નવમાં ધોરણમાં હતાં ત્યારથી જ તેમણે ડોક્ટર બનવાનો દૃઢ સંકલ્પ કર્યો હતો. તળાજાની નીલકંઠ સ્કૂલના સંચાલકોએ પણ ગણેશની ધગશ જોઈ એને વિનામૂલ્યે ભણાવ્યો. ધો. ૧૨માં ગણેશે ૮૭ ટકા મેળવ્યા અને તેઓ ભાવનગરની સરકારી મેડિકલ કોલેજમાં એમ.બી.બી.એસ.માં દિવ્યાંગ કોટામાં પ્રવેશ મેળવવા સક્ષમ બન્યા. જોકે, સુપ્રીમકોર્ટ સુધી કાયદાકીય લડત લડીને તેઓ MBBSમાં પ્રવેશ મેળવી શકયા.

## 'સાથ' સંસ્થા

નટરાજ કોલેજમાં વિકલાંગ બહેનો માટે ચલાવવામાં આવતા શ્રીમતિ જયોતિબેન દલાલ વિકલાંગ મહિલા સશકિતકરણ યોજના અંતર્ગત, 'સાથ સંસ્થા' ના યોગદાનથી, **તા. ૮/૯/૧૯ થી ૧૦/૯/૧૯ દરમિયાન પાર્લર એડવાન્સ ટ્રેનિંગમાં,** ૧૨ - વિકલાંગ બહેનોને ૧૫ દિવસની બ્યુટીપાર્લરની તાલીમ ફ્રી માં શીખવવામાં આવી. વિકલાંગ બહેનો જયારે પોતાના બ્યુટીપાર્લર ખોલે ત્યારે તેઓને શું શું વાતો ધ્યાનમાં રાખવી જોઈએ, તેના વિષે શીખવવામાં આવ્યું અને બહેનોની પર્સનાલીટી ડેવલોપ કરવા માટેના લેકચર પણ લેવામાં આવ્યાં હતાં. આ ૧૫ દિવસમાં બહેનોને બ્યુટીપાર્લર કેવી રીતે ચલાવવું અને તેમાંથી બહેનો કેવી રીતે સારી એવી આવક કમાય શકે છે. તેની માહિતી 'સાથ સંસ્થા'ના કિરણબેન, જે સંસ્થા ફેકલ્ટી છે, તેમણે આપી હતી. આ વર્ગનો લાભ જૂની-નવી વિદ્યાર્થીનીઓએ ખૂબજ સારી રીતે તાલીમ લઈને લીધો હતો.



## વિકલાંગ વિદ્યાર્થી માટેનો મહત્વનો ચૂકાદો

ગુજરાત મેડિકલ બોર્ડ અને એપેલેટ બોર્ડે, જેને ડોકટર બનવા માટે અયોગ્ય ઠરાવેલ, તેવા રાજકોટના વિકલાંગ વિદ્યાર્થી શ્રી હર્ષિલ ઉપાધ્યાયે, ગુજરાત હાઈકોર્ટનો આશરો લેતા તેને ન્યાય મળેલ છે.

મેડિકલ બોર્ડના નિર્ણયને ફગાવી દેતા જસ્ટીસ બેલાબેન ત્રિવેદીએ જણાવ્યું કે "નવા ડિસેબિલિટી એકટમાં ઈન્કલુઝીવ શિક્ષણ આપવા આગ્રહ કરાયેલ છે અને તેના માટે પ્રયત્નશીલ રહેવા જણાવાયું છે."

શ્રી હર્ષિલના જમણા હાથને રેડિયો અલ્નાર સીનોસ્ટોસીસ - કોણીથી નીચેના હાથમાં જે બે હાડકાં (રેડીયસ અને અલ્ના) અસાધારણ રીતે જોડાયેલા છે. જે ખરેખર છૂટાં હોવા જોઈએ.

આ પ્રકારની જન્મથી કે ભયંકર ઈજાથી થાય છે. આથી હર્ષિલ, હાથના હથેળીના ભાગને ઉંધો-ચતો ફેરવી ન શકે અને હાથનું કાર્ય મૂશ્કેલ બને છે.

હાઈકોર્ટે, રાજય સરકારની આ દલીલોને અસ્વીકારીને, MBBS માટેની એડમિશન કમિટિને, શ્રી હર્ષિલને એડમિશન આપવા હૂકમ કરેલ છે.

# PNR સંસ્થા વૃક્ષારોપણ માટે સન્માનિત




છેલ્લા ૮ વર્ષથી ભાવનગરમાં વૃક્ષારોપણ ક્ષેત્રે ઉત્તમ કામગીરી કરી રહેલી સંસ્થા ગ્રીનસીટી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા, વૃક્ષારોપણ ક્ષેત્રે ઉત્તમ કામગીરી કરનારને યશવંતરાય નાટયગૃહ ખાતે, તા. ૨૯/૯/ના રોજ સન્માનિત કરવામાં આવ્યા હતાં. જેમાં ગોહિલવાડ, ભાવનગર રાજ્યના યુવરાજશ્રી જયરાજસિંહ દ્વારા પી.એન.આર. સોસાયટીને વૃક્ષારોપણ ક્ષેત્રે ઉત્તમ કામગીરી બદલ સંસ્થાના માનદ્ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડને સંસ્થા વતી શિલ્ડ આપી સન્માનિત કરાયેલ હતાં.

અત્રે ઉલ્લેખનીય છે પી.એન.આર. સોસાયટી નટરાજ કોલેજ કેમ્પસમાં, ફુલ, છોડ, વૃક્ષો વિગેરે ૫૦૦૦ ઉપરાંત ઉછેરવામાં આવ્યા છે. જેમાં ૧૨૦૦ જેટલા મોટા વૃક્ષો પણ છે. જે કેમ્પસના વાતાવરણને વધારે કુદરતી સૌંદર્ય બક્ષે છે.

# શિક્ષકદિનની ઉજવણી




તા. ૦૭/૯ ને શનિવારના રોજ પી.એન.આર. સોસાયટી સંચાલિત નટરાજ સી.પી. સ્કૂલ તથા સંલગ્ન પ્રોજેકટના વિશિષ્ટ બાળકો, વિશિષ્ટ શિક્ષકો અને વાલીઓ દ્વારા શિક્ષક દિનની અનોખી રીતે ઉજવણી કરવામાં આવેલ. જે અંતર્ગત જુદી-જુદી અક્ષમતાવાળા વિદ્યાર્થીઓએ શબ્દો વડે, શ્લોકોનુ ગાન કરી, ગુરૂમહિમા વિશે ગીત ગાઈને ગુરૂવંદના કરી હતી. અતિથિવિશેષ શ્રી કિરીટભાઈ રાઠોડ (રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા શિક્ષકશ્રી અને માનદ્‌મંત્રી, પી.એન.આર. સોસાયટી) દ્વારા પોતાના વકતવ્યમાં, ''જુદા-જુદા દેશોમાં શિક્ષકોની પ્રતિષ્ઠા વિષેની વાત જણાવી, પ્રાથમિક શિક્ષકને બાળકોને ઘડનાર મૂર્તિકાર સાથે સરખાવેલ અને શિક્ષકોને, બાળકોને પ્રેમ આપવા જણાવેલ.'' સર્વ શિક્ષકોએ પોતાના ગુરૂ શ્રી જીજ્ઞાબેન એન. સોલંકીને વંદન કરી, કાર્યક્રમની સમાપ્તિ કરી હતી.

# શ્રીમતિ જયોતિબેન દલાલ વિકલાંગ મહિલા સશકિતકરણ


## ''પ્રેરણા'' કાર્યક્રમ



**Faculty of Technology & Engineering. The Maharaja Sayajirao University of Baroda** દ્વારા, વડોદરા ખાતે 'પ્રેરણા' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ તા. ૧૪/૯/૧૯ થી ૧૫/૯/૧૯ બે દિવસ હતો. જેમાં શ્રીમતિ જયોતિબેન દલાલ વિકલાંગ મહિલા સશકિતકરણની સિહોર તથા ભાવનગર તાલુકાની કુલ-૧૩ બહેનોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં મહેંદી, ગોળા ફેંક, ડબ્બા ફોડ, અંતાક્ષરી જેવી સ્પર્ધામાં બહેનોએ ખૂબજ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો.

આ સ્પર્ધામાં સિહોરની નૂતનબેને ગોળાફેંકમાં સારું પ્રદર્શન કરતા ૩જો નંબર આવ્યો હતો. અને સિહોરની જ વાઢેર પ્રિયંકાનો ૪થો નંબર, ડબ્બા ફોડમાં આવ્યો હતો અને મહેંદીની સ્પર્ધામાં પણ સારું એવું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ બે દિવસ વિકલાંગ બહેનો માટે ખૂબજ પ્રેરણાદાયક હતાં. તેઓને ત્યાં ઘણી નવી પ્રવૃતિઓ જોવા મળી હતી. આ કાર્યક્રમમાં ભાગ લઈ બહેનોનો ઉત્સાહ ખૂબજ વધતો જોવા મળ્યો હતો.

Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2019-21 ◆ Monthly
Date of Publication : 15 October - 2019 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 28




Hindustan Pencils Pvt. Ltd. 510, Himalaya House, Mumbai - 400 001 Tel.: 91-22-22614505/06/07
Email: feedback@hindustanpencils com